જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરૂવાર । તા. ૨૨-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોન્ફેડરેશન ઓફ એટીએમ ઈન્ડસ્ટ્રી(CATMi)એ ચેતવણી આપી

ભારતમાં આવતા માર્ચ સુધીમાં ૫૦ ટકા એટીએમ બંધ થવાની સંભાવના

ભારતમાં હાલ ૨,૩૮,૦૦૦ એટીએમ છે જે પૈકીના ૧,૧૩,૦૦૦ મશીનો બંધ થઈ જવાની વકી

ન્યુ દિલ્હી

કામગીરીઓ સંભવ થતી ન હોવાને કારણે ૨૦૧૯ના માર્ચ સુધીમાં ભારતમાં લગભગ ૫૦ ટકા જેટલા ઓટોમેટેડ ટેલર મશીન્સ (એટીએમ) કદાચ બંધ થશે એવું કોન્ફેડરેશન ઓફ એટીએમ ઈન્ડસ્ટ્રી (CATMi) તરફથી ચેતવણી આપવામાં આવી છે. જો ખરેખર ૫૦ ટકા એટીએમ બંધ થઈ જશે તો ભારતમાં શહેરી તેમજ ગ્રામીણ, બંને સ્તરે લોકોને મુશ્કેલી પડશે.

હાલ ભારતમાં આશરે ૨,૩૮,૦૦૦ એટીએમ છે. એમાંના આશરે ૧,૧૩,૦૦૦ એટીએમ બંધ થઈ જાય એવી સંભાવના છે. આ ૧,૧૩,૦૦૦ એટીએમમાં એક લાખ એટીએમ ઓફ્ફ-સાઈટ છે, એટલે કે પહોંચી ન શકાય એવા દૂરના વિસ્તારોમાં છે અને ૧૫,૦૦૦ વ્હાઈટ લેબલ (ખાનગી કંપનીઓને પરવાનગી અપાયેલા) એટીએમ છે.

જો આટલા બધા એટીએમ બંધ થઈ જશે તો પ્રધાન મંત્રી જન ધન યોજના હેઠળના લાખો લાભાર્થીઓને માઠી અસર પડશે, જેઓ એટીએમ મારફત રોકડના રૂપમાં એમની સબ્સિડીની રકમ ઉપાડતા હોય છે.

તદુપરાંત, શહેરી કેન્દ્રોમાં પણ એટીએમ ખાતે લોકોની લાંબી લાઈન લાગશે અને અંધાધૂંધી ફેલાઈ જશે, જેવી સ્થિતિ નોટબંધી લાગુ કરાયા બાદ થઈ હતી. એટીએમ આટલી મોટી સંખ્યામાં બંધ થશે તો ઉદ્યોગમાં ઘણાય લોકો નોકરી પણ ગુમાવશે. એને પગલે સમગ્ર અર્થતંત્રમાં નાણાકીય સેવાઓને મોટો ફટકો પડશે.

એટીએમ મશીનોમાં હાર્ડવેર અને સોફ્ટવેર અપગ્રેડ કરવા માટે રેગ્યૂલેટર તરફથી જાહેર કરવામાં આવેલી કેટલીક માર્ગદર્શિકાઓને કારણે પણ ઘણા એટીએમ બંધ કરવાની નોબત આવે એમ છે.

કેશ મેનેજમેન્ટને લગતા નિયમોમાં કરવામાં આવેલા ફેરફાર તથા બેન્કમાંથી જે તે એટીએમમાં કેશ ભરવાની કેસેટ સ્વેપ પદ્ધતિને લગતા નિયમોને તાજેતરમાં કડક બનાવી દેવામાં આવતા ઘણા એટીએમને ચલાવવાનું મુશ્કેલ બની ગયું છે.

રાજપીપળામાં ઈદે મિલાદની ધામધૂમથી ઉજવણી

દેશના લોકોની સલામતી અને અમાન માટે દુઆ કરાઈ



ઠેર ઠેર આઈસ્ક્રિમ, ચોકલેટ, કેક, સહિત નિયાઝ નું વિતરણ,આયોજન જામા મસ્જિદ થી લાલટાવર અને સફેદ ટાવર થઈ ઝુલુસ કરબાવાડ પોહોચ્યું

રાજપીપળા : બુધવારે ઈસ્લામ ના મહાન પયગંબર મહમ્મદ સાહેબ ના જન્મદિવસ ની રાજપીપલા સહીત સમગ્ર નર્મદા જિલ્લા ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી, તમામ મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું ઝુલુસ રાજપીપલા ની મુખ્ય જામા મસ્જિદ થી શરૂ થઈ લાલટાવર અને સ્ટેશન રોડ થઈ કરબાવાડ પોહોચ્યું હતું જેમાં મુખ્ય આગેવાનો સહિત મસ્જિદોના ઈમામ અને મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા, ઝુલુસ માં ઠેર ઠેર નિયાઝ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

મદીના મસ્જિદ ના ઈમામ હાફિઝ ઈમ્તિયાઝ શૈખ અને મૌલાના અફઝલ અલી સાહબ સાથે વાત કરતા તેઓએ આજના દિવસે સૌ ભારતવાસીઓને મુબરકબાદ પાઠવી હતી અને જણાવ્યું હતું કે આજનો દિવસ ખુશી નો દિવસ છે આજના દિવસ સંદર્ભે દેશ ની એકતા અને દેશના ભાઈચારો, અમાન માટે ખાસ દુઆ એ કરી હતી અને ભારત ના લોકો ઉપર આવનાર તમામ આફત અને મુસીબત દૂર થાય તેવી દુઆ ફરમાવી હતી

હાઈ સિક્યોરિટી નંબર પ્લેટને લઈ તંત્રનો નિર્ણય

આરટીઓ કર્મી ઘરે આવીને હવે નંબર પ્લેટો લગાવી જશે

આરટીઓ કર્મચારીને સોસાયટી કે વસાહતમાં બોલાવવા માટે આરટીઓમાં આપવો પડશે લેટર : નવી વ્યવસ્થા

અમદાવાદ

હવે નાગરિકો કે વાહનચાલકોએ તેમના વાહનોમાં હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ લગાવવા માટે આરટીઓની કચેરી સુધી લાંબા નહી થવું પડે. હવેથી આરટીઓના કર્મચારીઓ તમારા ઘરે આંગણે આવીને એચએસઆરપી નંબર પ્લેટ લગાવી જશે. આરટીઓ સોસાયટીઓ, એપાર્ટમેન્ટ્સ, સરકારી વસાહતો કે પછી જાહેરસ્થળોએ કેમ્પો યોજીને આવી નંબર પ્લેટ્સ લગાવી આપશે. હાઈ સિકયોરિટી નંબર પ્લેટને લઈ સરકાર અને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય કરી હવે તેની અમલવારી આરટીઓ દ્વારા માન્ય એચએસઆરપી નંબર પ્લેટ તમારા આંગણે કે સોસાયટીએ આવી લગાવી જાય તે પહેલા નાગરિકોએ એક પ્રકિયામાંથી પસાર થવું પડશે. તેના માટે સોસાયટી કે વસાહતના સેક્રેટરીએ એક લેટર આરટીઓને મોકલવો પડશે. ત્યારબાદમાં આરટીઓ કચેરી તરફથી નિયત સોસાયટી કે વસાહતને તારીખ આપવામાં આવશે. નિયત તારીખે જે તે સોસાયટીના વાહનોની જૂની નંબર પ્લેટ બદલીને નવી હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ આરટીઓના કર્મચારીઓ લગાવી આપશે. આરટીઓ ઉપરથી થતી ભીડ અને વાહનના માલિકોનો સમય બચાવવા આવો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સરકારે જાહેર કરેલા પરિપત્ર પ્રમાણે સોસાયટીઓ સરકારી

અનુસંધાન પાના નં. ૫

જહાજમાં ટેકનીકલ ખામી સર્જાતા લોકો ચિંતિત

હાલ લોકાર્પિત રો-રો ફેરીનું જહાજ મધદરિયામાં ફસાયું

આખરે બે ટગ બોટની મદદ લઈ રેસ્ક્યુ ઓપરેશન કરીને મધદરિયેથી જહાજને ઘોઘા બંદર સુધી લાવવામાં આવ્યું

અમદાવાદ

તાજેતરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે રો રો ફેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દહેજ-ઘોઘા વચ્ચે રો-રો ફેરી સર્વિસ કરતાં આ જહાજમાં આજે અચાનક મધદરિયે કોઇક કારણસર કોઈ ટેકનિકલ ખામી સર્જાતા આખુ મધદરિયે અટવાયું હતું. જેને લઈને જહાજમાં સવાર ૪૫૦થી વધુ મુસાફરો સહિત અનેક વાહનો પણ ઘોઘાથી ૩ નોટિકલ માઈલ દૂર ફસાયા હતા અને સૌ મુસાફરોના જીવ જાણે તાળવે ચોંટયા હતા. ઘટનાની જાણ થતાં અધિકારીઓ દ્વારા બે ટગ બોટની મદદથી રેસ્ક્યુ ઓપરેશન કરી આ જહાજને ઘોઘા બંદર સુધી લાવવામાં આવ્યું હતું અને ટેકનીકલ ખામી નિવારવાના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધરાયા હતા. બીજીબાજુ, તમામ મુસાફરો સહીસલામત હોવાના કારણે તંત્રએ પણ રાહતનો દમ લીધો હતો. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રો રો ફેરીનું જહાજ ઘોઘાથી ૧૦ કિલોમીટર દૂર સમુદ્રમાં અટકી પડ્યુ હતું. અચાનક જહાજના બે પૈકી એક એન્જીન બંધ પડતા આ મુશ્કેલી થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, બાદમાં બે ટગ બોટ દ્વારા જહાજને ખેંચીને ઘોઘા બંદરે લાવવામાં આવ્યું છે અને એક ટગ બોટને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. જહાજમાં સવાર ૪૭૬ મુસાફરો અને ૮૦ વાહનો સુરક્ષિત હોવાનું સામે આવતાં તંત્ર અને મુસાફરોના પરિવારજનોએ પણ રાહતનો દમ ખેંચ્યો હતો. બીજીબાજુ, બોર્ડ દ્વારા એન્જીન બંધ થવાના કારણો અંગે તપાસ પણ શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને

અનુસંધાન પાના નં. ૫



કોઈ આપે ઓછો ભાવ કે ઓછી મજુરી પણ સૌથી સસ્તું તો આપે એક જ

આર.એ.પરીખ જવેલર્સ બીલીમોરા (પશ્ચિમ)

એન્ટીક, જડતર, કલકત્તી, પ્લેઈન ગોલ્ડ, રોઝ ગોલ્ડ, રીયલ ડાયમંડની અસંખ્ય ડિઝાઈનો

વર્લ્ડ-કલાસ બ્રાંડસ, સંપૂર્ણ પારદર્શિતા

મો. ૯૬૨૪૧૧૧૮૯૯

ભુજના ભારાપરમાં ઈદ નિમિત્તે વિશાળ જુલૂસ ઉજવણી કરાઇ



ભુજ કચ્છ:ઠેર ઠેર આઈસ્ક્રિમ,ચોકલેટ, કોન,સરબત,લચ્છી,ચા સહિત નિયાઝનું વિતરણ કરાયુ

કચ્છ જીલ્લાના ભારાપર ખાતે આજરોજ ઈસ્લામ ધર્મના મહાન પયગંબર મહંમદ સાહેબના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું.જુલુસમાં ઠેર ઠેર નિયાઝનું વિતરણ કરવામાં આવ્યું હતુ.આજનો દિવસ મુસ્લિમ સમાજ માટે ખૂબ જ ખુશીનો દિવસ છે.આજના દિવસ સંદર્ભે દેશની એકતા અને દેશના ભાઈચારો,અમાન માટે ખાસ દુઆ કરી હતી અને ભારતના લોકો ઉપર આવનાર તમામ આફત અને મુસીબત દુર થાય તેવી ભારાપરના મુસ્લિમ લોકોએ દુઆ ફરમાવી હતી

ભુજ તાલુકાના ભારાપર ખાતે આજરોજ ઈદ-એ-મિલાદ નબીની ભવ્યાતિ ભવ્ય અને સુંદર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારાપર અને તેની આજુબાજુના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા. ઈદની ઉજવણી દરમિયાન વિશાળ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જુલૂસ દરમિયાન કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા અને ઠેરઠેર સ્વાગત કાર્યક્રમ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિંદુ મુસ્લિમ બિરાદરોએ ગળે મળીને ઈદ મુબારકની શુભેચ્છાઓ પાઠવી હતી. જુલુસ ભારાપરની મુખ્ય બજારથી શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ બાળકોના મુખ્ય માર્ગો પર ફર્યું હતું અને મુખ્ય ચોકમાં સમાપન કરવામાં આવ્યું હતું.

એસીબીએ ભચાઉના નિવૃત ફોરેસ્ટ ઓફિસ રાણા આહીર વિરુદ્ધ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો

ભુજ કચ્છ: પૂર્વ કચ્છ વનવિભાગના નિવૃત ઓફીસર અંજારના રાણા મહાદેવ આહિર વિરુદ્ધ કરોડોની અપ્રમાણસર મિલ્કત અંગે ગુનો નોંધાયો હતો. પૂર્વ કચ્છ ગાંધીધામ એ.સી.બી.ના પોલિસ સબ ઇન્સપેક્ટર પી.વી. પરગડુએ ખુદ આ અંગે ફરીયાદી બનીને ફરીયાદ નોંધી હતી.જાણવા મળતી પ્રાથમિક માહિતી અનુસાર પોતાની આવક કરતા ૧,૦૫,૪૦,૯૬૯ કરોડની સંપત્તિ પ્રકાશમાં આવી હતી. કરોડોનો રોકાણ કર્યુ હોવાનો ફરીયાદમાં જ ઉલ્લેખ કરવામાં આવેલ છે. પોતાના ફરજ દરમિયાન રાણા આહિરે તા.૦૧/૦૧/૨૦૦૦ થી ૩૧/૦૩/૨૦૧૨ ના સમયગાળામાં પોતાના હોદ્દાથી સત્તાનો દુર ઉપયોગ કરી ભ્રષ્ટાચાર આચરી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર અવેજ મેળવી પોતાની આવકના સ્ત્રોત કરતા વધુ અપ્રમાણસરની મિલકતો તથા દેખીતા ખર્ચાઓ પોતાના તથા પરિવારના સભ્યોના નામે રૂ.૧,૯૭,૯૯,૩૨૨નું રોકાણ કરેલ અને આ સમયગાળા દરમિયાન તેઓની કાયદેસરની આવક રૂ.૯૨,૫૮,૩૩૫ હોવાનું જણાતા આવકના પ્રમાણમાં રૂ.૧,૦૫,૪૦, ૯૬૯ની અપ્રમાણસર મિલ્કતો વસાવી ઈરાદા પૂર્વક પોતાની જાતને ભ્રષ્ટ પ્રવૃતિમાં સામેલ કરી ગુન્હો કર્યો હતો. આ કેસની વધુ તપાસ ચલાવનાર અધિકારી એમ.ડી.ઝાલા પોલીસ ઈન્સ્પેક્ટર પશ્ચિમ કચ્છ એ.સી.બી. ચલાવી રહ્યા છે.

ભુજમાં ઈદ નિમિત્તે વિશાળ જુલૂસ સાથે કોમી એકતા જોવા મળી



કચ્છના યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાનું ઈબ્રાહિમ હાલેપોત્રા,આદમ ચાકી,મહમદ જુણેજા, અલીમામદ જત વગેરેએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું: વિશાળ જુલૂસ નીકળ્યું

ભુજ કચ્છ: ભુજ સહિત સમગ્ર જિલ્લામાં ઈદે મિલાદુન્નબીની આજરોજ ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઈદની ઉજવણી દરમિયાન વિશાળ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. આ જુલુસ શહેરના રાજમાર્ગો પર ફર્યુ હતું ત્યારબાદ ખાસરા ગ્રાઉન્ડ ખાતે જુલૂસનો સમાપન કરવામાં આવ્યું હતું. જુલુસ દરમિયાન ઠેર ઠેર હિન્દુ મુસ્લિમ બિરાદરો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે યુવા સાંસદ વિનોદભાઈ ચાવડા મુસ્લિમ સમાજ ના આગેવાન અલીમામદ જત અને મહમદ સિધીક જુનેજા દ્વારા હાર પહેરાવીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શણગારેલા ઊંટગાડી અને બળદગાડીમાં વાજતે ગાજતે ભિડનાકેથી જુલૂસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જુલૂસનો ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ સ્વાગતના કાર્યક્રમ દરમિયાન કોમી એકતાના દ્રશ્યો જોવા મળ્યા હતા. સ્વાગત ના કાર્યક્રમ દરમિયાન આગેવાનો દ્વારા મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી સાથોસાથ કોમી એકતાનો સંદેશો વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પવિત્ર પ્રસંગે યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાએ સર્વે મુસ્લિમ બિરાદરોને મુબારકબાદી પાઠવી હતી. ઈબ્રાહીમભાઈ હાલેપોત્રાએ યુવા સાંસદ વિનોદભાઈ ચાવડાએ ભાવ ભર્યું સ્વાગત કર્યુ હતુ.

ઠેર ઠેર આઈસ્ક્રિમ,ચોકલેટ, કોન,સરબત,લચ્છી,ચા સહિત નિયાઝનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

કચ્છ જીલ્લાના ભુજ ખાતે આજરોજ ઈસ્લામ ધર્મના મહાન પયગંબર મહંમદ સાહેબના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું.જુલુસમાં ઠેર ઠેર નિયાઝનું વિતરણ કરવામાં આવ્યું હતુ.આજનો દિવસ મુસ્લિમ સમાજ માટે ખૂબ જ ખુશીનો દિવસ છે.આજના દિવસ સંદર્ભે દેશની એકતા અને દેશના ભાઈચારો,અમાન માટે ખાસ દુઆ કરી હતી અને ભારતના લોકો ઉપર આવનાર તમામ આફત અને મુસીબત દુર થાય તેવી ભારાપરના મુસ્લિમ લોકોએ દુઆ ફરમાવી હતી.

સામખ્યારીના સાહુનગરમાંથી ઇંગ્લિશ દારૂ પકડાયો



ભુજ કચ્છ: સામખ્યારીના સાહુનગરમાંથી ઈંગ્લિશ દારૂ પકડી પાડ્યો હતો. પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.જે. સિસોદિયા તથા એ.પી.જાડેજા માર્ગદર્શન હેઠળ આધોઈ સાહુનગર ખાતે રહેતા આરોપી લખમણ પુના મણકાના રહેણાક મકાનમાં દરોડો પાડતા ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની ૭૫૦ એમ.એલ.ની ૨૦ બોટલ તથા બીયરના ટીન ૨ જેની કુલ કિં.રૂ. ૭૨૦૦નો વેચાણથી ગેરકાયદેસર વગર પાસ પરમીટે તેના કબજામાં રાખી નાસી જઈ ગુનો કરેલ હોય તે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આરોપીને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

પત્રકાર નું માર્ગ અકસ્માત માં મોત

શિહોર તાલુકાના કાજવદર ગામના યુવા પત્રકાર રાષ્ટ્ર ભાવના અખબાર ના માલિક ડી. કે. મોરી નું વેરાવળ હાઈવે ઉપર અકસ્માત થતાં દુઃખદ અવસાન થયેલ છે.. પત્રકાર જગતમાં મોટી ખોટછે. ભગવાન એમના આત્મા ને શાંતિ આપે અને તેમના પરિવાર ઉપર આવી પડેલ દુઃખ સહન કરવાની શક્તિ આપે..એવી પ્રાર્થના.

રાજ્યભરના ખેડૂતો પાસેથી રાજ્ય સરકારે ટેકાના ભાવે ૧,૪૮,૬૫૧ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરશે

આગામી તારીખ ૨૨મી નવેમ્બરથી ક્રમાનુસાર વધુમાં વધુ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ થી ૨૧ નવેમ્બર સુધીમાં રાજ્યભરમાં ૭,૪૨૭ ખેડૂતો પાસેથી રૂ.૭,૪૩૨ લાખની ૧,૪૮,૬૫૧ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઇ છે. મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટરશ્રી દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નોંધણીના ક્રમાનુસાર સરકારના નિયમ મુજબ રોજની ૨,૫૦૦ કિ.ગ્રા.ની મર્યાદામાં મગફળી લાવવા ખેડૂતોને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. જેના કારણે જે તે વિસ્તારના ખેડૂતો જે તે વિસ્તારના એપીએમસી સેન્ટર ખાતે મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા. આ પ્રક્રિયા અંતર્ગત તારીખ ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૨૧/૧૧/૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫,૦૦૦ મુજબ રાજ્યભરના ૭,૪૨૭ ખેડૂતો પાસેથી કુલ રૂ.૭,૪૩૨ લાખની કુલ ૧,૪૮,૬૫૧.૯૨ ક્વિન્ટલ મગફળી ખરીદવામાં આવી હતી. યાદીમાં જણાવ્યા મુજબ ખરીદ કેન્દ્રો ખાતે પૂરતી સંખ્યામાં બારદાન, વજનકાંટા તથા ખરીદી પ્રક્રિયા માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ છે અને તા.૨૨/૧૧/૨૦૧૮થી ક્રમાનુસાર વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે.

ભણશે ગુજરાત..?રૂપાણી રાજમાં શિક્ષણતંત્રની લાલિયાવાડીનો વીડિયો થયો વાયરલ..!!

ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે આવેલ ગુજરાત શિક્ષણ બોર્ડની કચેરીમાં કેવી લાલિયાવાડી ચાલે છે કે જેના કારણે વિદ્યાર્થી સાથે તેના વાલીઓ પણ વારંવાર ધક્કા ખાઈને ત્રાસી જાય છે. આમ તો રાજયનું શિક્ષણ ખાડે ગયું છે. ધો.૪ અને ધો.૮માં શાળા છોડવાનું પ્રમાણ વધી ગયું છે. છતાં તંત્ર તેના કારણે જાણવા પ્રયત્ન ના મૂળ સુધી ઊંડા ઉતરી વિદ્યાર્થી અભ્યાસ કરવા તરફ આગળ વધે તેવું કોઈ વિચારતું નથી ત્યારે આજે કલ્પેશ ત્રિવેદીએ એક વીડિયો મૂકી શિક્ષણ તંત્રમાં ચાલતી લાલિયા વાડી ઉજાગર કરી છે જે સરકાર અને આમ પ્રજા માટે વિચારવંત અને ગંભીર છે. સરકાર આ વીડિયો જાહેર થયા પછી શિક્ષણ તંત્રના નોકરશાહોની ચાલતી બેફામ ઉડાઉ જવાબોની દાદાગીરી અને વાલીઓ સાથેના વર્તન અંગે કોઈ જ આકરા પગલાં નહીં ભરે તો તેના વિપરીત પડઘા કેવા હશે એ તો સમય જ બતાવશે. અરે આ તો ઠીક પરંતુ પવિત્ર શિક્ષણ ધામની આ સર્વોચ્ય કચેરીમાં વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓને માર મારવાથી લઈને શિક્ષકો દ્વારા છેડતીની ફરિયાદો આવતી રહે છે પરંતુ આ કચેરીનું કુંભકર્ણ તંત્ર જાગૃત થતું જ નથી તો તેને જગાડવા સરકાર શું એક્શન લેશે તેની રાહ જોવી રહી.

વિડીયોમાં સ્પષ્ટ જણાય છે કે કલ્પેશ ત્રિવેદીનો મિત્ર વિજય પંચાલ તેની ધો.૧૨ની પાસ થયાની માર્કશીટ સાથે ગુજરાત માધ્યમિક બોર્ડના ડેટા બેસમાં ફેઈલ થયેલ જેને સુધરાવવા માટે શિક્ષણ ખાતાની કચેરીમાં આવે છે અને અહીં બપોરના ૨ થી ૩ સુધી રિશેષ હોય છે અને ત્રણનો ૧૫ મિનીટે આ વિદ્યાર્થી અહીં આવીને એન.કે.પટેલને મળા જાય છે જયારે ૩ને૨૦ મિનીટ થઈ છે. પરંતુ ઓફિસ ખાલી છે. સ્ટાફ નથી અને જે હાજર છે તે ઉધ્ધતાઈથી જવાબ આપે છે જેથી ત્યાં ટેબલ પર બેઠેલ અધિકારીને ફરિયાદ કરે છે કે મેડમનો ફોન આવ્યો એટલે સાહેબ નથી. પણ અધિકારી ચૂપ બેઠા છે. તમે વીડિયો કેમ ઉતારો છો ત્યારે વિથ કહે એ તો હું ઉતારીશ હાજર અધિકારી કહે છે થાય તે કરી લો. આ વીડિયો કે ફોટા પાડી શું કરી લઈશ ઉપર જઈ સાહેબને મળ ત્યારે બીજા કોઈ અદિકારીએ વિદ્યાર્થીને પૂછ્યું કેમ આવ્યા હતા? શું કામ છે એટલે બધી વાત જણાવી હતી. દરમ્યાન એન કે પટેલ આવી જતા તેઓને મળવા આ વિદ્યાર્થી પહોંચ્યા અને પોતાના કેસની રજૂઆત કરી આ સમય દરમ્યાન કોઈ કર્મચારીએ આવીને આ લોકો એ વિડિયો ઉતાર્યો છે તેવું કહેતા એન કે પટેલ તાડુકી ઉઠ્યા અને કહે કે જાવ તમારુ કામ નહીં થાય જેથી વિદ્યાર્થી નીચે ઉતરી સર્વિસ સેન્ટર પર મળ્યા ત્યારે આખરે તેઓએ પ્રોસિજરની વિગતો આપી. અત્રો નોંધવાનું કે આ વિદ્યાર્થીઓ જયારે કચેરીમાં ગયા ત્યારે ૩-૧૫ મિનિટે એક સ્થળે કર્મીઓ પત્તા રમતા હતા અને તે દરમ્યાન એક કર્મીએ કહ્યું કે પટેલ સાહેબ ગમે ત્યારે આવે તેમનું નક્કી નહી.

રાણપુરમાં ઈદે મિલાદની ધામધુમથી ઉજવણી દેશના લોકોની સલામતી અને અમાન માટે દુઆ કરાઈ

ઠેર ઠેર આઈસ્ક્રિમ, ચોકલેટ, કોન,સરબત,લચ્છી,ચા સહિત નિયાઝ નું વિતરણ કરાયુ



બોટાદ જીલ્લાના રાણપુરમાં બુધવારે ઈસ્લામ ના મહાન પયગંબર મહંમદ સાહેબ ના જન્મદિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું હતુ આ ઝુલુસ રાણપુરના આંબલીયા ચોરા થી શરૂ થયુ હતુ અને મોટાપીરના ચોકમાં થઈને રાણપુર ની મુખ્યબજાર મા ઝુલુસ ફરીને આંબલીયા ચોરે પોહોચ્યું હતું જેમાં મુસ્લિમ સમાજના મુખ્ય આગેવાનો સહિત રાણપુરની તમામ મસ્જિદોના ઈમામ અને મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા, ઝુલુસ માં ઠેર ઠેર નિયાઝ નું વિતરણ કરવામાં આવ્યું હતુ આજનો દિવસ મુસ્લિમ સમાજ નો ખુશી નો દિવસ છે આજના દિવસ સંદર્ભે દેશ ની એકતા અને દેશના ભાઈચારો,અમાન માટે ખાસ દુઆ કરી હતી અને ભારત ના લોકો ઉપર આવનાર તમામ આફત અને મુસીબત દુર થાય તેવી રાણપુર ના મુસ્લિમ લોકો એ દુઆ ફરમાવી હતી

મુંબઈ-દિલ્હી વચ્ચે રાજધાની દોડાવાશે ૧૩૦ કિ.મી.ની ઝડપે

મુંબઈ

મુંબઈથી દિલ્હી દોડનારી રાજધાની એક્સપ્રેસની ઝડપે ટૂંક સમયમાં વધી જશે અને આ અંગેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. એક મહિના પહેલા મુંબઈથી દિલ્હી વચ્ચે ચાલનારી વિશેષ રાજધાની એક્સપ્રેસનું પુશ-પુલ મોડ પર ટ્રાયલ કરવામાં આવી હતી. ટ્રેનના બન્ને છેડે એન્જિન રાખીને ૧૩૦ કિ.મી. પ્રતિ કલાકની સરેરાશ ઝડપે દોડાવવામાં આવી હતી. પરીક્ષણ સફળ થયા બાદ હવે રેલવે બોર્ડ તરફથી પશ્ચિમ રેલવેને આ અંગેની તૈયારીઓ કરવા માટેના આદેશ પ્રાપ્ત થઈ ચૂક્યા છે. તેથી બે-ત્રણ મહિનામાં રાજધાની એક્સપ્રેસની ઝડપ વધી જશે. પાછલા મહિને પશ્ચિમ રેલવે અને રિસર્ચ ઍન્ડ ડિઝાઈન સ્ટાન્ડર્ડ ઓર્ગનાઈઝેશન (આરડીએસઓ) દ્વારા મળીને કરેલી ટ્રાયલ બાદ તેના રિપોર્ટ રેલવે બોર્ડને પાઠવવામાં આવ્યા હતાં. અને આરડીએસઓના જણાવ્યાનુસાર રેલવે પ્રશાસને છ નવેમ્બરે આ પ્રોજેકટને મંજૂરી આપી હતી. પશ્ચિમ રેલવેને આરડીએસઓ તરફથી આઠમી નવેમ્બરના દિવસે પત્ર પ્રાપ્ત થયો હતો, જેમાં એન્જિન અને કોચમાં ફેરફાર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. બાંદ્રાથી દિલ્હી વચ્ચે દોડાવવામાં આવેલી વિશેષ રાજધાની એક્સપ્રેસનું ૧૮ ડબ્બા અને પાછળ એન્જિન જોડીને ટ્રાયલ કરવામાં આવી હતી.

અમદાવાદ દેવીપૂજક વિકાસ ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો





સમાજમાં શિક્ષણનો વ્યાપ વધવાથી તમામ સમસ્યાઓનો આપોઆપ ઉકેલ આવી જશે : સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર

સમાજમાં શિક્ષણનું પ્રમાણ જેમ જેમ વધતું જશે તેમ સમાજમાંથી ગરીબી-બેકારી જેવી સમસ્યાઓ આપોઆપ ઉકેલાઈ જશે તેમ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું છે.

અમદાવાદ દેવીપૂજક વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓના સન્માન કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે, દેવીપૂજક સમાજ ધીમે ધીમે આગળ આવી રહ્યો છે અને આ સમાજમાંથી કુરિવાજો-અંધશ્રદ્ધાઓ દૂર થાય તે આજના સમયની જરૂરિયાત છે. મંત્રીએ નવા વર્ષે આયોજિત કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા વંચિત સમાજો માટે અનેક પ્રકારની યોજનાઓ ઉપલબ્ધ છે તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.તેમણે કહ્યું કે, કોઈપણ સમાજને એક તાંતણે જોડી રાખી આગળ વધારવો મુશ્કેલ કાર્ય હોય છે. ત્યારે આજે દેવીપૂજક સમાજે એક અવાજે એકત્ર થઈ સમાજની એકતા દર્શાવી છે તે અભિનંદનને પાત્ર છે.

પૂર્વ મંત્રી ગોરધનભાઈ ઝડફિયાએ જણાવ્યું કે, જે સમાજ ઈતિહાસને ભૂલી જાય છે તે સમાજ કોઈ દિવસ વિકાસ કરી શકે નહીં.આ કાર્યક્રમમાં પૂર્વ સનદી અધિકારી શ્રી પી.બી.પટણી, દેવીપૂજક સમાજના અગ્રણીઓ તથા દેવીપૂજક સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

માનકુવા પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હા કામે એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ભુજ એલ.સી.બી.



ભુજ કચ્છ: પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા સાહેબ નાઓના માર્ગદર્શન મુજબ આજરોજ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.ઔસુરા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.એસ.તીવારી નાઓની સુચનાથી એલ.સી.બી. સ્ટાઓફના માણસો ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાશન બાતમી હકિકત મળેલ કે માનકુવા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.ન. ૫૯/૧૭ ઈ.પી.કો. ૩૭૯ મુજબના ગુન્હા કામેનો નાસતો ફરતો આરોપી હાસમ ઓસ્માણ વાઢા, રહે. મુળ- કાંઢવાંઢ (ખાવડા), તા.ભુજ વાળો જે સદરહુ ગુના કામે નાસતો ફરતો હોય અને હાલે લખુરાઈ ચાર રસ્તાથી થોડેક આગળ નાગોર ફાટક પાસે રોડ પર હાજર છે.

જેથી મળેલ બાતમી હકીકત આધારે તુરતજ વર્ક આઉટ કરી બાતમી વાળી જગ્યાએ આવી સદરહુ ઈસમને પકડી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ હાસમ ઓસ્માણ વાઢા, ઉ.વ.૩૦, રહે. મુળ- કાંઢવાંઢ (ખાવડા), તા.ભુજ, હાલે હંગામી આવાસ, હુસેની ચોક ભુજ વાળો હોવાનુ જણાવેલ અને સદરહુ ગુના કામે કબુલાત આપતો હોય સદરહુ આરોપીને ધોરણસર અટક કરી માનકુવા પોલીસ સ્ટેશન ખાતે આગળની તપાસ થવા સોંપવામાં આવેલ છે.

મોદીજી,નેહરુને જવા દો પોતાના મંત્રી અને સીબીઆઈ પર ધ્યાન આપો..!!

કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈને લઈને મચેલ ધણાસાણ રોકાવાને બદલે વધુ તેજ થઈ રહ્યું છે. બે કરોડની લાંચનો મામલો હજી પૂરો નથી થયો ત્યાં એક એવો ખુલાસો સુપ્રિમ કોર્ટમાં સીબીઆઈના જ ડીઆઈજી કક્ષાના અધિકારી મનિષ કુમાર સિંહા દ્વારા કરવામાં આવ્યો છે કે મોદી સરકારની હાલત પાતળા થતા રૂપિયાની જેમ પાતળી થઈ રહી છે. એક તરફ તેઓ ચૂંટણી સભાઓમાં વિપક્ષને જોરશોરથી પડકારી રહ્યા છે. ત્યાં જ તેમના સીધા નિયંત્રણમાં કામ કરવાવાળી તપાસ એજન્સીના ઉચ્ચ અધિકારી કોર્ટમાં તેમની પોલ ખોલી રહ્યા છે. રફાલ સોદામાં અત્યારે મામલો ક્યાંક ક્યાંક શાંત થતો નજરે આવતો હતો. ત્યારે તેમના જ એક નજીકના મંત્રી હરિશભાઈ ચૌધરીની વિરુદ્ધમાં કરોડોની લાંચ લેવાનો આરોપ લાગ્યો. તેમના સુરક્ષા અધિકારી અજીત ડોભાલ જે એક શક્તિશાળી અને મોદીના પહેલા ઉચ્ચાધિકારી છે. દેશની સુરક્ષાની જવાબદારી જેને સોંપવામાં આવી હોય એ જ અદિકારી ભ્રષ્ટાચારના મામલામાં દખલ કરી રહ્યા છે..? સિંહના કહેવા અનુસાર કાયદા સચિવ સુરેશચંદ્રએ લાંચરૂશ્વતના કેસમાં આરોપી સનાને સુરક્ષા આપવાનો ભરોસો આપ્યો તેમણે તેને લંડનનો પોતાનો ફોન નંબર પણ આપ્યો.

સીબીઆઈમાં બે ઉચ્ચાધિકારીઓની લડાઈ જાહેર થી ગઈ ત્યારે લાગી રહ્યું હતું કે વાત આનાથી આગળ નહીં વધે પરંતુ એક ડીઆઈજી સિનિયર અધિકારી દ્વારા જે સંગ્રહ કરેલ બૉક્સ ખોલવામાં આવ્યું તેને જોતાં લાગે છે કે સીબીઆઈના કબારમાં આવા અનેક કંકાલ(હાડકા) પડ્યા છે. જે ધીરેધીરે બહાર આવી રહ્યા છે. મોદી સરકારના કોઈ મંત્રી ઉપર લાંચ રુશ્વતના આરોપ નથી લાગ્યા પરંતુ અધિકારી સિંહાએ કાયદેસર રીતે સુપ્રિમ કોર્ટમાં ભાંડો ફોડ્યો કે મંત્રી હરિભાઈ ચૌધરીએ આ કુરેશી કેસમાં કરોડોની લાંચ લીધી. અજીત ડોભાલના વિરોધમાં આરોપો કહી ઓછા નથી. મંત્રી સહિત આરોપ લાગ્યા બાદ સરકાર મૌનીબાબા બની ગઈ. સરકાર બોલશે અને જવાબ પણ આપશે. પરંતુ એ કોઈ વિરોધ પક્ષ દ્વારા આરોપ નથી લગાવવામાં આવ્યા. એક જવાબદાર ઉચ્ચાધિકારીએ કોર્ટમાં આરોપ લગાવ્યા છે. જેનો જવાબ કોઈ રાજકીય ના હોઈ શકે. આ કોઈ ટીવી ડિબેટનો પણ મામલો નથી કે કોઈ પાત્રાને ચિઠ્ઠી પકડાવીને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આનાથી મોટો સંગીન આરોપ બીજો કયો હોઈ શકે ભલા..!?

રાફેલમાં તો મોદી સરકાર ધી સોલ્ટ દ્વારા બચતી નજર આવી હતી. પરંતુ સીબીઆઈના વિવાદમાં મોદી સરકારની ભારે ટીકાઓ થઈ રહી છે. જે એજન્સીનું કામ ભ્રષ્ટાચાર અને અપરાધ રોકવાનું છે તેના જ વડા અધિકારી કરોડોની લાંચના આરોપ લગાવ્યા બાદ હવે આ આરોપો ઝુમતા-ગાતા મોદી સરકારના મંત્રી દ્વારા પર પહોંચ્યા છે. અજીત ડોભાલની નિષ્ઠા સામે સવાલોના નિશાન લાગી ગયા છે. બધુ મળીને આખરે સીબીઆઈ છે કે કરપ્શન બ્યુરો છે..? બની શકે છે સિંહા જેવા સિનિયર કોઈ અન્ય અધિકારીઓ પાસે પણ આવો દારૂ-ગોળો હશે. જો કે મોટા આરામથી ખૂલીને ધડાકા કરી શકે છે. એવું લાગે છે કે સીબીઆઈનું નવી પ્રકારે ગઠન કરવું પડશે. કેમ કે અત્યારે જે ઉચ્ચાધિકારીઓ છે તેઓ દૂધના ધોયેલા નથી,મોદીજી નહેરુને છોડો. સીતારામ કેસરીને છોડો પોતાના મંત્રી અને સીબીઆઈ તરફ ધ્યાન આપો. આમ તો મામલો હવે તમારા હાથમાંથી નિકળી ચૂક્યો છે. આપની જ એજન્સી આપની નૌકામાં કાણુ પાડી રહી છે. રોકો અથવા ડૂબો...

નોટબંધી ઐતિહાસિક નિષ્ફળતા, મોદી સરકારમાં ભ્રષ્ટાચાર ફાલ્યો

મારી સરકાર રિમોટથી નહોતી ચાલતી, નોટબંધી સુનિયોજીત લૂંટ: મનમોહનસિંહ

મોદી પીએમ પદનો યોગ્ય ઉપયોગ કરી રહ્યા નથી,તેઓ જે પ્રકારે બોલે છે તેવી વાતો તેમને શોભાસ્પદ નથી

ઈન્દૌર

વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ છે કે તેમની સરકાર રિમોટથી ચાલતી ન હતી. વડાપ્રધાન મોદીના આક્રમક તેવર અને તેમના ભાષણમાં વિપક્ષી નેતાઓ વિરુદ્ધની નિવેદનબાજી પર વડાપ્રધાન પદની ગરિમા સંદર્ભે જવાબ આપતા મનમોહન સિંહે કહ્યુ છે કે મોદી પીએમ પદનો યોગ્ય ઉપયોગ કરી રહ્યા નથી. તેઓ જે પ્રકારે બોલે છે. તેવી વાતો તેમને શોભાસ્પદ નથી. ખાસ કરીને જ્યારે વડાપ્રધાન મોદી કોંગ્રેસશાસિત રાજ્યોમાં જાય છે. ત્યારે તેઓ ખૂબ બોલે છે અને આ ઠીક બાબત નથી. મોદીએ પોતાના વડાપ્રધાન પદની ગરિમાનો ખ્યાલ રાખવો જોઈએ.

નોટબંધી પર બોલતા ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ છે કે તેમણે પહેલા જ સંસદમાં કહ્યુ હતુ કે આ એક સંગઠિત લૂંટનો ભાગ છે. જ્યારે જીએસટી પર વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી મનમોહનસિંહે કહ્યુ છે કે જીએસટીને પુરી તૈયારી વગર અને ખાસ યોજના સાથે લાગુ કરવામાં આવ્યું હતું. દશ વર્ષ સુધી કેન્દ્રમાં યુપીએ સરકારનું નેતૃત્વ કરનારા મનમમોહનસિંહે પોતાની સરકારને રિમોટ કંટ્રોલ ગણાવતી ટીપ્પણીઓને સોય ઝાટકીને નાકરી છે. તેમણે કહ્યુ છે કે યુપીએ સરકારની કોશિશ એ હતી કે સૌને સાથે લઈને ચાલવામાં આવે. તેમની સરકાર સૌને સાથે લઈને ચાલી તેના કારણે જ સરકાર અને પાર્ટી વચ્ચે કોઈપણ પ્રકારનું અંતર રહ્યું નહીં.

મનમોહનસિંહની સરકારે કેન્દ્રની મોદી સરકાર દ્વારા ૨૦૧૪માં કરાયેલા વાયદા ખોખલા નીકળ્યા હોવાનું જણાવ્યું છે. મનમોહનસિંહે કહ્યુ છે કે ૨૦૧૪માં મોદીએ દર વર્ષે દેશમાં બે કરોડ નોકરીઓ આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ આજે તેઓ વાયદો પુરો કરી શક્યા નથી. શ્રમ વિભાગ પ્રમાણે દર ત્રિમાસિક સમયગાળામાં માત્ર કેટલાક હજારને જ નોકરીઓ મળી શકી છે. રોજગાર ઉપલબ્ધ કરાવવાનો સરકારનો વાયદો પોકળ નીકળ્યો હતો. મધ્યપ્રદેશના યુવાનોને પણ રોજગાર મળી રહ્યો નથી. મનમોહનસિંહે કેન્દ્ર સરકારની ટીકા કરતા કહ્યુ છે કે મોદીએ દરેકના બેંક એકાઉન્ટમાં પંદર-પંદર લાખ આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ આના સંદર્ભે કંઈપણ કરવામાં આવ્યું નથી. મોદી સરકારે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે. કોંગ્રેસે રફાલ ડીલ પર જેપીસીની માગણી કરી હતી. પરંતુ હજી સુધી આના પર કંઈ થયું નથી. મનમોહનસિંહે મધ્યપ્રદેશ સરકાર પર નિશાન સાધતા કહ્યુ છે કે રાજ્યમાં ખેડૂતોની ઘણી મોટી સમસ્યા છે. રાજ્ય સરકારે ખેડૂતોની સમસ્યાના ઉકેલમાં કોઈ ખાસ કામ કર્યું નથી. મધ્યપ્રદેશમાં વ્યાપમ જેવો મહાગોટાળો પણ થયો છે. યુપીએ સરકારે ક્યારેય મધ્યપ્રદેશની સરકાર સાથે ભેદભાવ નહીં કર્યો હોવાનો પણ મનમોહનસિંહે દાવો કર્યો છે. રફાલ ડીલમાં દાળમાં કાળું જ કાળું દેખાઈ રહ્યું હોવાનું પણ મનમોહનસિંહે જણાવ્યું છે.

સીએમ રૂપાણીનાં હસ્તે આજે રેફકોલ્ડ ઈન્ડીયા ૨૦૧૮નુ ઉદ્ઘાટન કરાશે

અમદાવાદ

કોલ્ડ ચેઈન ઈન્ડસ્ટ્રીયલ રેફ્રીજરેશન અને રીફર ટ્રાન્સપોર્ટેશન અંગે ૩ દિવસનુ આંતરરાષ્ટ્રિય પ્રદર્શન અને કોન્ફરન્સનુ ઉદ્ઘાટન ગુરૂવારે વિજય રૂપાણીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે પરષોત્તમ રૂપાલા (ભારત સરકારના કૃષિ, પંચાયત રાજ અને ખેડૂત કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન) તથા મનસુખ માંડવીયા (ભારત સરકારના માર્ગ પરિવહન, ધોરીમાર્ગો, શિપીંગ, કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ વિભાગના પ્રધાન) હાજરી આપશે.

ગાંધીનગરમાં તા. ૨૨થી ૨૪ નવેમ્બર ૨૦૧૮ દરમ્યાન મહાત્મા મંદિર કન્વેન્શન કમ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાનાર કોન્ફરન્સ રેફકોલ્ડ ઈન્ડીયા ૨૦૧૮ ભારતના અને વિશ્વના રેફ્રિજરેશન ઉદ્યોગના સહયોગીઓ એક જ સ્થળે એકત્ર થશે અને ખોરાકનો બગાડ નિવારવા માટેની ટેકનોલોજીમાં ઈનોવેશનની તાતી જરૂરિયાત હલ કરીને તથા વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા અંગેના પ્રયાસને ઘનિષ્ઠતાથી અનુસરી આ બાબતે ચર્ચા હાથ ધરશે.

આ ઉપરાંત આ સમારંભમાં બાયર સેલર મીટ દ્વારા કોલ્ડ ચેઈન અને રેફ્રીજરેશન ઉદ્યોગના સપ્લાયરો અને ગ્રાહકો મળશે. જંગી પ્રદર્શન અને કોન્ફરન્સ એક આદર્શ પ્લેટફોર્મ બની રહેશે અને વિદેશથી આમંત્રિત કરયેલા સંભવિત બાયર્સ સાથે વ્યૂહરચનાઓ વિકસાવવા અને જોડાણો માટે નેટવર્કિંગની તકો પૂરી પાડશે.

રેફકોલ્ડ ઈન્ડીયાને વિવિધ વિવિધ આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનો અને યુનાઈટેડ નેશન્સ એનવાયરોમેન્ટ પ્રોગ્રામ, આઈઆઈઆર, અમેરિકન સોસાયટી ઓફ હીટીંગ રેફ્રીજરેટીંગ એન્ડ એસી એનજીનિયર્સ, ગ્લોબલ ફૂડ ચેઈન કાઉન્સિલ જેવી વૈશ્વિક સંસ્થાઓનો સહયોગ હાંસલ થયો છે. આ પ્રતિષ્ઠીત સંસ્થાઓ કોન્ફરન્સમાં વિવિધ બેઠકોનું આયોજન કરશે, જેમાં થયેલો પરામર્શ ભાગ લેનાર માટે માર્ગદર્શક બની રહેશે.

સરકારને આશંકા છે કે અનેક સંવેદનશીલ નંબરોને ગેરકાનૂની રીતે સર્વિલાંસ પર રાખવામાં આવ્યા

CBI વિવાદ: અજીત ડોભાલ, અસ્થાનાના ફોન પણ ટેપ થયા હોવાની આશંકા

ન્યુ દિલ્હી

સીબીઆઈના ઓફિસરો વચ્ચે ચાલી રહેલા જંગમાં એક ચોંકાવનારી જાણકારી સામે આવી છે. સરકારને આશંકા છે કે ઘણા સંવેદનશીલ નંબરોને ગેરકાયદેસર રીતે સર્વિલન્સ પર રાખવામાં આવ્યા હતા. ત્યાં સુધી કે સિમ કાર્ડના ઉપયોગમાં ગડબડી અને મોબાઈલ નંબરના ક્લોનિંગની આશંકા પણ છે. આનાથી પણ વધારે ચોંકાવનારી બાબત એ છે કે જે નંબરોને સર્વેલન્સ પર રાખવામાં આવ્યાની માહિતી છે તેમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર રાકેશ અસ્થાના પણ સમાવિષ્ટ છે.

આ પ્રકારની આશંકા સોમવારના રોજ તે સમયે વ્યક્ત કરવામાં આવી કે જ્યારે કાયદા સચિવ સુરેશ ચંદ્રએ જણાવ્યું કે તે ૮ નવેમ્બરે લંડનમાં નહોતા. ટ્રાંસફર કરવામાં આવેલા સીબીઆઈ મનીષ સિન્હાએ પોતાની અરજીમાં આરોપ લગાવ્યો છે કે ચંદ્રાએ બિઝનેસમેન સતીશ રાણા કે જેણે રાકેશ અસ્થાના વિરુદ્ધ આરોપ લગાવ્યો છે તેમની સાથે મુલાકાત કરી હતી. આરોપ છે કે આ મુલાકાતને કરાવવા માટે આંધ્ર પ્રદેશ કેડરની આઈએએસ ઓફિસર રેખા રાણીની મદદ કરી હતી.

સિન્હાએ જણાવ્યું કે અસ્થાનાએ પોતાની ટીમને કહ્યું કે રેખા રાણીએ વિવાદિત બિઝનેસમેન સાથે ચંદ્રાને તેમના લંડન વાળા નંબર પર વાત કરવા કહ્યું હતું. અધિકારીક સુત્રા અનુસાર કોઈને ફસાવવા માટે આ પરફેક્ટ સ્ક્રિપ્ટ છે. તમે કોઈને પણ ફોન કોલના આધારે પકડી શકો છો. જ્યાં સુધી ટ્રાયલ શરુ ન થાય ત્યાં સુધી તે પોતાને નિર્દોષ પણ સાબિત નથી કરી શકતો. પોતાની અરજીમાં સિન્હા અને તેના જૂનિયર સીબીઆઈ ડીએસપી એ.કે.બસ્સીએ ફોન સર્વિલન્સની વાત કરી છે. સિન્હાએ તો રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને રાકેશ અસ્થાનાની વાતચીતના અંશો પણ સામે મુક્યા છે. પોતાની અરજીમાં સિન્હાએ જણાવ્યું છે કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે રાકેશ અસ્થાનાને એફઆઈઆર મામલે જણાવ્યું અને અસ્થાનાએ ડોભાલ પોતાની ધરપકડ ન કરવાનું નિવેદન કર્યું.

આ પ્રકારના રિપોર્ટથી એ આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે અસ્થાના અને ડોભાલનો ફોન પણ સર્વેલન્સ પર રાખવામાં આવ્યો હતો. કોઈપણ તપાસ એજન્સી ગૃહ સચિવની મંજૂરી વગર કોઈપણ વ્યક્તિનો ફોન સર્વિલન્સ પર ન રાખી શકે. વિશેષ અધિકારો સાથે એજન્સીના પ્રમુખ આપાત સ્થિતીમાં આવું કરી શકે છે. આની પ્રક્રિયા લાંબી છે. એજન્સીને ગૃહ સચિવને આ મામલે ૩ દિવસમાં સૂચના આપે છે. ત્યારબાદ ૭ દિવસમાં આના પર નિર્ણય આવે છે.

પાનકાર્ડ બનાવવાના નિયમોમાં ફેરફાર : હવે પિતાનું નામ લખાવવું ફરજિયાત નહિ

ન્યુ દિલ્હી

આવક વેરા વિભાગમાં સ્થાયી ખાતા સંખ્યા એટલે કે પાનકાર્ડમાં માતા-પિતા અલગ થયા હોય તેવા કિસ્સાઓમાં પિતાનું નામ ફરજીયાત હતુ તેને સમાપ્ત કરી દીધુ છે. આવરવેરા વિભાગ તરફથી એક અધિસૂચના જાહેર કરી નિયમોમાં સંશોધન કર્યુ છે.

આવક વેરા વિભાગે હવે અરજી પત્રકમાં એવો વિકલ્પ આપવાની જાહેરાત કરી છે જેમાં માતા-પિતા અલગ થઈ ગયા હોય તેવા કિસ્સામાં બાળક પોતાની માતાનું નામ પાછળ લગાવી શકે છે. હાલ પાનકાર્ડમાં પિતાનું નામ આપવું કે પાછળ લગાડવુ ફરજીયાત હતુ.

નવો નિયમ ૫ ડિસેમ્બરથી લાગૂ થશે. એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યુ હતુ કે આ નવા નિયમોથી એ લોકોની ચિંતા દૂર થશે જે ફક્ત પોતાની માતાનું નામ જ લગાડવા ઈચ્છતા હોય છે. માતા-પિતા અલગ થયા પછી કોઈ પોતાની માતાનું નામ પાછળ લગાવે તો હવે પાનકાર્ડમાં પણ આ શક્ય થશે. આ અધિસૂચનાથી એક નાણાં વર્ષમાં ૨.૫ લાખ રૂપિયાથી વધારે લેણદેણ કરવા પર પાનકાર્ડ ફરજીયાત કરી દેવામાં આવ્યુ છે. આ માટે ૩૧ માર્ચ પહેલા અરજી કરવાની હોય છે.

એક રિપોર્ટ અનુસાર હવે એવા લોકો પાસેથી પણ પાનકાર્ડ લેવામો આવશે જેમનો વેપાર ૫ લાખ રૂપિયાથી ઓછો હોય. આવકવેરા વિભાગ નાણાંકીય લેવડદેવડ પર આકરી નજર રાખી રહ્યુ છે. આનાથી કાળાનાણાં પર અને ટેક્સચોરી પર બ્રેક લાગી ગઈ છે. જે પણ વહિવટ થાય છે ટ્રાન્સપરન્ટ અને ખુલ્લામાં થાય છે.



મુખ્યમંત્રીની અછતગ્રસ્ત વિસ્તારો પ્રત્યેની સંવેદનશીલતા

જાહેર રજાના દિવસે કેબિનેટ બેઠક બોલાવી અછત રાહત-સહાય માટેના મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા

- **પશુધન માટે ૭ કરોડ કિ.ગ્રામ ઘાસચારાનું આયોજન કરાશે**
- **કુલ ૧૨ કરોડ કિ.ગ્રા. ઘાસનું આયોજન**
- **રાજ્યમંત્રી વાસણભાઈના નેતૃત્વમાં ટીમ પંજાબ જશે-પશુ ઘાસચારા માટે પંજાબથી ઘઉંની પરાળ લાવવાની સંભાવનાઓનું સર્વેક્ષણ કરશે**
- **રાજ્યમાં જ્યાં પાણી ઉપલબ્ધ છે ત્યાંના ખેડૂતો ઘાસ ઉગાડવા આગળ આવે તેમને ખાસ કિસ્સામાં વીજ કનેકશન રાજ્ય સરકાર આપશે**
- **૧લી ડિસેમ્બરથી અછતગ્રસ્ત ૫૬ તાલુકા સહિત ઓછો વરસાદ ધરાવતા અને ખાસ પેકેજ જાહેર થયેલા ૪૫ મળી ૯૬ તાલુકામાં સહાય અપાશે**
- **મનરેગામાં ૧૫૦ દિવસની રોજગારી**
- **પીવાના-સિંચાઇના-પશુધન માટેના પાણીનું આગવું આયોજન કરાશે**

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યની પ્રવર્તમાન અછતની સ્થિતી પ્રત્યે સંવેદનાપૂર્ણ અભિગમ દાખવી જાહેર રજાના દિવસે પણ રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક બોલાવી અછત રાહતના મહત્વપૂર્ણ આયોજન કર્યા છે.

વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આ કેબિનેટ બેઠકના કરાયેલા આયોજન-નિર્ણયોની વિગતો મહેસૂલ મંત્રી કૌશિકભાઇ પટેલે આપી હતી.

મહેસૂલ મંત્રીએ કહ્યું કે સમગ્ર સરકાર અછતની સ્થિતી પ્રત્યે અતિસંવેદનશીલ છે. આ સંદર્ભમાં રાજ્ય મંત્રીમંડળે મૂંગા અબોલ પશુધન માટે અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારો, પાણી તેમજ નરેગા અન્વયે રોજગારી નિર્માણ માટે નક્કર નિર્ણયો કર્યા છે.

કૌશિકભાઇએ જણાવ્યું કે, રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં વધારાના ૭ કરોડ કિલો ગ્રામ ઘાસની જરૂરિયાત સામે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫ કરોડ કિ.ગ્રા. ઘાસનું આયોજન કરી દેવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, પંજાબ રાજ્યમાંથી લાવીને ઘઉંની પરાળનો અછતગ્રસ્ત વિસ્તારના પશુધન માટે ઘાસચારા તરીકે ઉપયોગ કરી શકવાની સંભાવનાઓ-સર્વેક્ષણ માટે આવતીકાલે રાજ્યમંત્રી વાસણભાઇ આહિરના નેતૃત્વમાં એક ટીમ પંજાબ જશે. મહેસૂલ મંત્રીએ રાજ્ય સરકારના અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય અંગે જણાયું કે, રાજ્યમાં જ્યાં પાણી ઉપલબ્ધ છે તેવા વિભાગોના ખેડૂતો જો ઘાસચારો ઉગાડવા માટે તૈયારી દર્શાવે તો તેવા ધરતીપુત્રોને ખાસ કિસ્સામાં અગ્રતાએ વીજ કનેકશન આપવામાં આવશે.

કૌશિકભાઇએ કહ્યું કે, મુખ્યમંત્રીએ રાજ્યના ૫૧ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર કરેલા છે. તાજેતરમાં ઓછા વરસાદ ધરાવતા અને પાક નિષ્ફળ જવાની રજુઆતોને પગલે ૪૫ તાલુકાઓ માટે ખાસ રાહત પેકેજ જાહેર કર્યુ છે. હવે, ૧ ડિસેમ્બરથી આ સમગ્ર ૯૬ તાલુકાઓમાં સહાયની શરૂઆત કરાશે. તેમણે ઉમેર્યું કે, અછતના સમયમાં ૧૦૦ દિવસની રોજગારી નરેગા યોજના અન્વયે અપાય છે પરંતુ આ વર્ષે અછતની આ વિશેષ સ્થિતીને ધ્યાને લઇને ૧૫૦ દિવસ રોજગારી અપાશે. એટલું જ નહિ, તાલુકાઓમાં જેટલા પ્રમાણમાં રોજગારીની માંગ થાય તેને પણ પહોચી વળવા અન્ય કામોમાંથી પણ ઉપલબ્ધતા આયોજન કરાશે.

મહેસૂલ મંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, આવનારા દિવસોમાં પીવાનું, સિંચાઇ માટેનું અને પશુધનને પાણી પૂરતું મળી રહે તેવું સઘન આયોજન રાજ્ય સરકાર કરશે. જયારે મોટર મૂકીને કે અન્ય રીતે પાણીના ગેરકાયદે વપરાશ કરનારાઓ સામે સખ્ત કાયદેસરની કાર્યવાહી સરકાર સ્તરેથી કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ આદેશો આપ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તાલુકા મથકોમાં અનુ.જાતિના યુવકો માટે યોગ સેમિનારનું આયોજન

શિબિર માટે તા.૨૭'મી સુધી નામો નોંધાવી દેવા

સુરત,

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં અનુસુચિત જાતિની વસ્તી ધરાવતાં એક તાલુકા મથક ખાતે યોગ સેમિનારનું આયોજન વિનામૂલ્ય હાથ ધરવામાં આવનાર છે. યોગમાં રસ ધરાવતાં અનુસુચિત જાતિનાં ઉમેમ્બરોએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નગર પ્રાથમિક શાળા નં.૮/૯, આઈ.ટી.આઈ.પાછળ, મજુરાગેટ, સુરત ખાતે સિનિયર કોચનો સંપર્ક કરી યોગ સેમીનાર માટેનાં પ્રવેશપત્ર વિના મુલ્ય મેળવવાના રહેશે. આ પ્રવેશપત્રામાં સંપૂર્ણ વિગતો ભરીને તા.૨૭/૧૧/૨૦૧૮ સુધીમાં ઉકત સરનામે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલ ઉમેદવારોને સિનિયર કોચ, દ્વારા યોગ સેમિનાર અંગેની જાણ કરવામાં આવશે. આ અંગે શ્રી મેહુલ ચાવડા ફોન નં.(૯૪૨૬૮-૮૩૭૮૦) પર સંપર્ક કરવો એમ જિલ્લા સ્પોર્ટ્સ ઓથોરીટીના સિનીયર કોચની યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લામાં હથિયારબંધીનો અમલ

નવસારી

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૦૧/૧૨/૧૮ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઇ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઇ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઇ શકે છે.

મજૂર નાકાઓ પર શ્રમિકો માટે માત્ર રૂા.૧૦માં ભોજનની વ્યવસ્થા

૧૮ જેટલા નાકાઓ પર મજૂરોને ભોજન પિરસાય છે

સુરત

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલા ઓળખકાર્ડ ધરાવનાર બાંધકામ શ્રમયોગીઓએ શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ લેવા માટે સુરત શહેરના ભટાર ચાર રસ્તા, પાડેસરા વિસ્તારમાં ચીકુવાડી, બી.આર.ટી.બસ સ્ટેન્ડ પાસે તથા કૈલાશનગર, ઉધના તથા ઉન ત્રણ રસ્તા, કતારગામની લલિતા ચોકડી, રામનગરના જુલેલાલ મંદિર, પાલનપુર જકાતનાકા, કાપોદ્રા ચાર રસ્તા, લિબાયતના નિલગીરી સર્કલ, યોગી ચોક તથા ચોક બજાર ચાર રસ્તા, કડોદરા અને કિમ ચાર રસ્તાઓ તથા આંબોલી અને બારડોલીના અલંકાર સિનેમા નજીક એમ ૧૮ કડિયાનાકાઓ પર લાલ ઓળખકાર્ડ બતાવીને રૂા.૧૦ આપી ટોકન લઈ ખાલી ટીફીનમાં ભોજન મેળવવાનું રહેશે. વધુમાં બોર્ડની કલ્યાણકારી યોજનાઓનો લાભ તેમજ વધુ જાણકારી માટે જુનુ બહુમાળી ભવન, સી-બ્લોક, ૮મો માળ, નાનપુરા, સુરત ખાતે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

તા.૨૭'મીથી સુરત જિલ્લાની તમામ શાળાઓમાં બાળકોના આરોગ્યની તપાસ હાથ ધરાશે

હૃદય, કિડની, કેન્સર જેવા ગંભીર રોગોનું ઓપરેશન પણ વિના મૂલ્યે કરાય છે

સુરત

રાજયના બાળકોનું આરોગ્ય સ્વસ્થ અને સુધડ રહે, બાળકોને નાની વયે થતા ગંભીર રોગોથી મુકત કરીને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે રાજય સરકાર દ્વારા આગામી તા.૨૭/૧૧/૨૦૧૮ થી તા.૦૧/૦૨/૨૦૧૯ દરમિયાન શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવિ પેઢીનાં આરોગ્યનું જતન કરવાના આશયથી શાળા આરોગ્ય - રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત, સુરત જિલ્લાની સરકારી તેમજ ખાનગી તમામ આંગણવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા, અનાથાશ્રમ, આશ્રમ શાળા, કસ્તુરબા શાળા - ચિલ્ડ્રન હોમ, મદ્રેશા શાળાઓ મળી કુલ ૩૫૬૨ સંસ્થાઓ દ્વારા સુરત જિલ્લા (ગ્રામ્ય)માં દર વર્ષની જેમ ચાલુ વર્ષે કુલ-૪,૩૫,૬૮૦ બાળકોની ''હેડ ટુ ટો ×× તપાસ, નિદાન અને સારવારની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે ૧૫,૩૨૪ જેટલાં ડોકટરશ્રીઓ, પેરા મેડીકલ સ્ટાફ, શિક્ષકશ્રીઓ, આંગણવાડી કાર્યકરો, આશા વર્કરો તેમજ સામાજિક કાર્યકરોનાં માનવ બળથી કાર્ય પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાનાં દરેક ગામમાં પાંચ દિવસ સુધી ''શાળા આરોગ્ય સમાહ ×× તરીકે ઉજવવામાં આવનાર છે. જેમાં વિવિધ આરોગ્યલક્ષી કામગીરી માટે આરોગ્ય, શિક્ષણ, પંચાયત, મહિલા અને બાળ વિકાસ, પાણી પુરવઠા, વન વિભાગ વિગેરે વિભાગનાં સુમેળભર્યા સંકલનથી ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમની સફળતા માટે તા. ૧૭/૧૧/૨૧૮નાં રોજ માન. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી હસ્તક કામગીરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાનાં તમામ ડોકટરશ્રીઓને, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શનથી તેમજ વિભાગીય નિયામકશ્રી, આરોગ્ય તબીબી સેવાઓનાં સહકારથી તજજ્ઞો દ્વારા જેમ કે, બાળરોગ નિષ્ણાંત, માનસિક નિષ્ણાંત તથા દાંત રોગનાં નિષ્ણાંતની મદદથી અસરકારક તાલીમ આપવામાં પણ આવી છે. આ કાર્યક્રમની સફળતા માટે વિકાસબેન દેસાઇ દ્વારા ડોકટરશ્રીઓને જરૂરી સલાહ અને માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધી દેશ પ્રત્યેના સમર્પણને ઉજાગર કરતી સાયકલ યાત્રા સુરતમાં

કલેક્ટર અને મેયરના હસ્તે સાયકલીસ્ટોને સન્માનિત કરી પ્રમાણપત્રો અપાય

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૨જી ઓક્ટોબરથી આયોજિત 'સ્વસ્થ ભારત સાયકલ યાત્રા' સુરત જિલ્લામાં કનકપુર(સચિન) આવી પહોંચી હતી. જેનું જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટની થીમ પર કુપોષણ, ખોરાકથી તથા બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તેવા ઉદ્દેશથી 'સ્વસ્થ ભારત સાયકલ યાત્રા' નામથી દેશવ્યાપી સાયકલ યાત્રા સચિનથી પ્રસ્થાન કરી બપોરે ૧૨.૦૦ વાગ્યે સુરત શહેરમાં પ્રવેશી હતી. સાયકલીસ્ટોનું જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલ, મેયરશ્રી ડો.જગદીશ પટેલ દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત આદિવાસી નૃત્ય અને તુરી વાદ્યના સૂરો સાથે યાત્રાનું જિલ્લામાં પ્રવેશ વેળાએ ભવ્ય સ્વાગત કરાયું હતું. સિટીલાઇટના સાયન્સ સેન્ટર ખાતે આયોજિત સ્વાગત સમારોહમાં જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે સાયકલીસ્ટોને સન્માનિત કરી પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ યાત્રામાં સુરતથી સ્થાનિક ૫૦ જેટલા સાયકલવીરો એન.સી.સી. કેડેટ્સ સહિત વોલેન્ટીયર્સ જોડાયા હતા.

સાયકલ યાત્રા દ્વારા સુરતવાસીઓને નોન કોમ્યુનિકેબલ રોગોના નિયંત્રણ માટે હેલ્થી ફૂડ માટેની અપીલ કરતા ઓડિયો, વીડિયો તેમજ તજજ્ઞ ન્યુટ્રિશિયન દ્વારા ખોરાક અંગે સમજણ આપવામાં આવી હતી. સ્વચ્છ વાતાવરણમાં બનેલા ખોરાકને પ્રમોટ કરવા માટે જુદા જુદા પ્રદર્શન જેવા કે, 'ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ' ખોરાકમાં ભેળસેળને નાથવા માટે આ ક્ષેત્રના નામાંકિત નિષ્ણાંતો દ્વારા સંદેશો આપવામાં આવ્યો હતો. લોકોમાં માઈક્રોન્યુટ્રીશનની ઉણપ તેમજ કુપોષણને નાથવા માટે ઈન્ડિયન મેડિકલ એસોશિએશન તરફથી ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ સાયકલ યાત્રાનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના દેશ પ્રત્યેના સમર્પણ અને ત્યાગને ભાવાંજલિ આપવાનો તેમજ દેશની જનતાને ફોર્ટીફાઈડ ફૂડ મળી રહે તે માટે જનજાગૃત્તિ લાવવાનો છે. જેની 'ઈટ રાઈટ ઈન્ડિયા' થીમ અંતર્ગત 'ઈટ હેલ્થી, ઈટ સેઈફ', 'ઈટ ફોર્ટીફાઈડ' અને 'નો ફૂડ વેસ્ટ'ની થીમ નક્કી કરવામાં આવી છે. લગ્ન સમારંભ, હોટેલ્સ, જાહેર મેળાવડા વગેરેમાં બનતા ભોજનનો બગાડ ન થાય તેમજ સમાજના ગરીબ વર્ગને આ ખોરાક યોગ્ય ચેનલથી પહોંચે તે માટે એન.જી.ઓ. દ્વારા સમજ આપવામાં આવશે. સ્વસ્થ ભારત યાત્રા સફળતાપૂર્વક પાર પડે અને ગુજરાતની પ્રજાને સ્વસ્થ, સ્વચ્છ, પોષણયુક્ત ખોરાક મળી રહે અને છેવાડાના માનવીને પણ શુદ્ધ અને સારું ભોજન મળી રહે તે અંગે માહિતગાર કરવામાં આવશે. આ યાત્રામાં રાત્રિ રોકાણના દરેક સ્થળોએ પ્રભાત ફેરી, વિડીઓ ફિલ્મ નિદર્શન, વોલ પેઈન્ટીંગ જેવા જનજાગૃત્તિના કાર્યક્રમો યોજી પૂજ્ય ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. સમગ્ર ભારતમાં આ યાત્રા વિવિધ સ્થળોએથી શરૂ થઈને ૧૮ હજાર કિ.મી.નું ભ્રમણ કરીને નવી દિલ્હી ખાતે સંપન્ન થશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી વિવેક પટેલ, સિટી પ્રાંતશ્રી બી.એસ.પટેલ, એફ.એસ.એસ.આઈના કો-ઓર્ડીનેટરશ્રી અખિલેશ ગુપ્તા, કમાન્ડીંગ ઓફિસરશ્રી કર્નલ ઉમાકાંત શર્મા સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ યુનિવર્સિટીમાં અદ્યતન કૃષિ ટેક્નિક સંદર્ભમાં રાજ્ય કક્ષાનું સંમેલન યોજાયું

સમૃદ્ધ અને ટકાઉ વિકાસ વિષયે એગ્રો વિઝન પરિષદમાં મંથન

નવસારી

નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેના ઓડીટોરીયમ ખાતે એગ્રી વિઝન-૨૦૧૮ અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને કૃષિ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે રાજય કૃષિ મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષસ્થાને કૃષિક્ષેત્રે અદ્યતન તાંત્રિકીય ધ્વારા સમૃધ્ધ અને ટકાઉ વિકાસ વિષય પર એગ્રો વિઝન પરિષદ સંમેલન યોજાયું હતું.

રાજય કૃષિમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે રાજયમાં એગ્રી વિઝન અંતર્ગત પ્રથમ કાર્યક્રમ યોજવા બદલ શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, વિદ્યા એવું ધન છે જે વાપરતા ઘટતું નથી. યુનિ.ના વિદ્યાર્થીઓ અહીંથી શિક્ષણ મેળવી છેવાડાના વ્યકિતને વધુ લાભ મળે એવો પ્રયાસ કરવો જોઇએ. રાજય સરકારની ખેડૂતો, આમ જનતા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શન આપી ટપક સિંચાઇ ફુવારા પધ્ધતિ, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેડૂતોની આવક બમણી કરવા પ્રયાસ કરી રહયા છે. રાજય અને કેન્દ્ર સરકારે ખેડૂતોને અછતગ્રસ્ત વિસ્તારનાં તાલુકાઓને સહાય માટે જાહેરાત કરી છે.

કૃષિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ.સી.જે. ડાંગરીયાએ જણાવ્યું હતું કે, દેશમાં કૃષિ વિકાસનો કોઇ વિકલ્પ નથી. દેશનું ભાવિ તમે છો. ખેતી ઉપર જ આપણો આધાર રહયો છે. સમૃધ્ધ અને ટકાઉ ખેતી તરફ જવાનો આપણુ લક્ષ્ય રહયું છે. ટેકનોલોજીના ઉપયોગ કરી ખેડૂતોની આવક બમણી કરવા અનુરોધ કર્યો હતો. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ક્ષેત્રીય સંગઠન મંત્રી શ્રી સુરેન્દ્ર નાયકજીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં વિદ્યાર્થી પરિષદ કાર્ય કરી રહી છે. ૬૦૦ યુનિવર્સિટીમાં ૧.૬૨ લાખથી વધારે કોલેજમાં વિદ્યાર્થી પરિષદ કાર્ય કરે છે. પરિષદના કાર્યક્રમમાં મોટુ પરિણામ મળે છે. આજે દેશને નવી દિશા મળી છે. વિદ્યાર્થી પરિષદ દિશા આપવાનું કાર્ય કરી રહી છે. ૩૨ લાખ સભ્યો પરિષદમાં કાર્ય કરી રહયાં છે. નવી એગ્રો વિઝન ટીમને ખંતથી કાર્ય કરવા અનુરોધ કર્યો હતો.

સંમેલન કૃષિ યુનિવર્સિટી એગ્રી વિઝન ધ્વારા વિદ્યાર્થી વિકાસ નિધિ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. પ્રારંભમાં કૃષિ યુનિ.ના સંશોધન નિયામક ડૉ.એસ. આર.ચૌધરી, સ્વાગત પ્રવચન કરી મહાનુભાવોને આવકાર્યા હતાં.

આ પ્રસંગે નિયામક શ્રી કે.ડી.પંચાલ, ભારતીય કૃષિ સંશોધક સહ નિયામક ડૉ.જે.પી.શર્માએ માર્ગદર્શન આપ્યું હતું. સંમેલનમાં ૫૦૦ થી વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ/વૈજ્ઞાનિકોએ ઓનલાઇન નોંધણી કરાવી હતી. તાંત્રિકસત્ર દરમિયાન નિષ્ણાંતો ધ્વારા નવીનત્તમ વિચારોના લેખો જેવા કે, નેનોટેકનોલોજી, જેનેટીક એન્જીનીયરીંગ, ડ્રોન ટેકનોલોજી, રોબોટીકસ, બાયટેકનોલોજી, બાયોફલોક ટેકનોલોજી, સીમેન સેકસીંગ ટેકનોલોજી, રૂમેન મેનીપુલેશન વગેરે મુદ્દા આવરી લઇ વિશેષ વ્યાખ્યાનો આપવામાં આવ્યા હતાં. આ સંમેલનમાં જુદા જુદા વિષય ઉપર, વિદ્યાર્થીઓ તેમજ વૈજ્ઞાનિકોએ ૧૪૨ જેટલા સંશોધનપત્રો તેમજ લેખો રજૂ કર્યા હતાં.

ડાંગ સંકલન બેઠકમાં આંગણવાડીમાં સમયસર નાસ્તો આપવા કલેકટરની સૂચના

આહવા

ડાંગ જિલ્લા પુરવઠા સલાહકારસમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી બી.કે.કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી બી.કે.કુમારે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાના આંગણવાડી કેન્દ્રો પર સમયસર અને પુરતો જથ્થો મળી રહે તથા આંગણવાડી કેન્દ્રમાં નાના ભુલકાઓને નાસ્તો અને જમવાનું સમયસર મળે. તંદુરસ્ત બાળક થકી આપણે તંદુરસ્ત ડાંગ જિલ્લો અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરીએ. જિલ્લા કલેકટરશ્રીએ સુચના આપતા કહ્યું હતું કે, ડાંગ જિલ્લામાં ગેસ કનેકશન લેવામાં બાકી હોય અને કેરોસીન પણ ન મળતું હોય તેવા કાર્ડધારકોએ તાત્કાલિક જે તે મામલતદારશ્રીનો સંપર્ક કરે અને તેઓને ગેસ કનેકશન ઝડપી મળી રહે તે જોવા જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પી.બી.ગવળીને તાકીદ કરી હતી.

બેઠક દરમિયાન ગોડાઉન ખાતે ઉપલબ્ધ જથ્થો, ચાલુમાસમાં રેશનકાર્ડધારકોને મળવાપાત્ર જથ્થો, પીપલ્યામાળ, ધવલીદોડ, લવચાલી, મોખામાળ ખાતે નવી વાજબીભાવની દુકાનની મંજુરી આપવામાં આવી હતી તેમજ નાનીદાબદર ગામે પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારનું સ્થળ બદલવાની મંજુરી આપવામાં આવી હતી.

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે

“ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિધ્ધાંતો અને પડકારો” વિષય પર સેમિનાર યોજાયો

અખબાર એ સમાજનું અભિન્ન અંગ છે, જ્યાં સુધી માનવીનું અસ્તિત્વ છે, ત્યાં સુધી અખબારોને ઊની આંચ પણ નહિ આવેઃ કાનજીભાઈ ભાલાળા

સૂરતઃ ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે પ્રેસ-ડેની ઉજવણીના ભાગરૂપે ‘‘ડીજીટલ યુગમાં પત્રકારત્વના સિધ્ધાંતો અને પડકારો’’ વિષય પર પ્રિન્ટ/ઈલેકટ્રોનિકસ અને ડીજીટલ મીડિયાના તંત્રીશ્રી/પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં ચેમ્બર કોમર્સના સમૃધ્ધિ હોલ ખાતે સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે સામાજિક અગ્રણી અને વરાછા બેન્કના ચેરમેનશ્રી કાનજીભાઈ ભાલાળાએ મીડિયા સામેના પડકારો વિષે વિસ્તૃત અને રસપ્રદ જાણકારી આપતાં જણાવ્યું હતું કે, માનવ જીવન પડકારો અને સંઘર્ષોનો સરવાળો છે. લોકશાહીનો ચોથો સ્થંભ ગણાતા મીડિયા જગતમાં પડકારોની ભરમાર છે. સમયની સાથે લોકમાનસ, લોકાભિગમ અને મીડિયાની કાર્યશૈલીમાં નિરંતર પરિવર્તન આવતું રહ્યું છે. ૧૫મી ઓગસ્ટ આઝાદી અને ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન તરીકે રાષ્ટ્રીય ચેતનાનું પર્વ છે, એ જ રીતે નેશનલ પ્રેસ ડે મીડિયા ક્ષેત્રનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું અને આવનારા પડકારો સામે સુસજજ બનવાની પ્રેરણા આપતું પર્વ હોવાનું શ્રી ભાલાળાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, સમાજજીવનને ધબકતું રાખવા, લોકસમસ્યાઓનો પડઘો પાડવા મીડિયાના પ્રહરીઓ પારિવારિક અને સામાજિક જીવનની કુરબાની આપે છે. ડીજીટલ વેબ અને સોશ્યલ મીડિયાના જમાનામાં આજે પણ એક વર્ગ એવો છે જેમની સવાર અખબાર વાંચ્યા પછી જ પડતી હોય છે. જ્યાં સુધી માનવીનું અસ્તિત્વ છે, ત્યાં સુધી અખબારોને કોઈ ઊની આંચ નહિ આવે એમ તેમણે દ્રઢતાથી જણાવ્યું હતું.

સમાજના અભિન્ન અંગ એવા અખબારોનો વિકલ્પ મળવો મુશ્કેલ છે એમ જણાવી તેમણે પત્રકાર એ સમાજનો સંદેશવાહક, ચોકીદાર હોવા સાથે જ એક શિક્ષકની ભૂમિકા પણ ભજવી રહ્યો છે, ત્યારે પત્રકારે લોકમાનસનું ઘડતર કરવાની જવાબદારી નિભાવવી પડશે. પોતાની શ્રેષ્ઠ શક્તિઓના ઉપયોગ વડે હાથ પર લીધેલા કાર્યને દીપાવવું જોઈએ. કર્તવ્યનું પાલન કરવું એ જ સાચો ધર્મ છે એ સૂત્રને આત્મસાત કરી પત્રકારે જનહિતને સર્વોપરી ગણી અખબારી ધર્મ નિભાવવો જોઈએ એમ ઉમેર્યું હતું.

શ્રી ભાલાળાએ વાંચન ખુબ જરૂરી હોવાનું જણાવી કહ્યું કે, પત્રકાર એક ઉત્તમ વાંચક હોવો જોઈએ, અને બહોળું વાંચન જ તેના લખાણમાં ઊંડાણ જન્માવે છે. સમાજના વિવિધ વર્ગોના વિચારો, અભિપ્રાયોને, વર્તમાન સામાજિક-રાજનૈતિક પ્રણાલીને નિષ્પક્ષતાથી રજૂ કરતા મીડિયા માટે ધાર્મિક સંસ્થાઓ અથવા રાજકીય શક્તિઓ તરફથી ભય ઊભો થઈ રહ્યો છે, જે ચિંતાનો વિષય છે. માહિતી વિસ્ફોટના આ યુગમાં સાચા અને અર્થપૂર્ણ સમાચારોથી લોકોને વાકેફ કરી લોકમાનસનું ઘડતર કરવાની દિશામાં પત્રકારોએ આગળ પડતી ભૂમિકા ભજવવી પડશે. મીડિયા પાસે અભિવ્યક્તિની તાકાત છે, પરંતુ દરેક અધિકાર અને પાવર સાથે વિશેષ જવાબદારીઓ પણ જોડાયેલી હોય છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જરૂરી છે, તે સાથે સ્વતંત્રતાનો મર્યાદાપૂર્વકનો ઉપયોગ પણ જરૂરી છે એમ તેમણે જણાવી ઉપસ્થિત સૌ મીડિયાકર્મીઓને પ્રેસ દિનની શુભકામનાઓ પાઠવી હતી.

નિવૃત સંયુકત માહિતી નિયામકશ્રી સેસિલ ક્રિસ્ટીએ જણાવ્યું હતું કે, ડીજીટલ યુગમાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મીડિયા સામે અનેક પડકારો રહેલા છે. ડીજીટલ મીડિયામાં સમાચારની સત્યતાનો અભાવ વર્તાય છે તેની સામે અખબાર વાંચવાથી જ સમાચારની વિશ્વનિયતતા નક્કી થાય છે. આમ અખબારોએ પોતાની વિશ્વસનીયતા ટકાવી રાખવી પડશે. ડીજીટલ યુગમાં પોલિટીકલ પાર્ટીઓ રોજે રોજ એક બીજાની તરફેણ-વિરૂધ્ધમાં સમાચારોનું પ્રસારણ કરતા હોય છે. લોકોને સનસનાટી ભર્યા સમાચારો ગમે છે જેને સોશ્યલ અને ડીજીટલ મીડિયા પોષે છે પરંતુ કોઈપણ ન્યુઝની સત્યતાની ચકાસણી કરીને ત્યાર બાદ જ રજુ કરવામાં આવે તે જરૂરી છે.

આ વેળાએ પ્રશ્નોત્તરી કરતા શ્રી કાનજીભાઈ ભાલાળા અને શ્રી સેસિલ ક્રિસ્ટીએ ઉપસ્થિત તંત્રીશ્રી-પત્રકારોએ ફેક ન્યુઝ, અખબારી મૂલ્યો, પત્રકારની સજજતા, સોશ્યલ મીડિયાના પ્રભાવ પર પૂછેલા પ્રશ્નોના માહિતીપ્રદ ઉત્તરો આપ્યા હતા.

આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામકશ્રી ભાવસિંહ રાઠવાએ પ્રેસ કાઉન્સિલની ભૂમિકા આપી હતી. શ્રી રાઠવાએ ઉપસ્થિત તંત્રી/પ્રતિનિધિશ્રીઓને આવકારતાં કહ્યું કે, પ્રેસ કાઉન્સિલ સમાજને ઉપયોગી અને સાચી હકીકત ઉજાગર કરતા પત્રકારોને પ્રેરણા આપવાનું કાર્ય સુપેરે નિભાવી સમાજના જાગૃત પ્રહરી, નીડર મીડિયાના હિતોનું રક્ષણ કરવાની ભૂમિકા અદા કરે છે. અનેક પડકારો વચ્ચે સમાજના વૈચારિક વિકાસ માટે ઝઝૂમતાં પત્રકારો પોતાની ફરજ અહર્નિશ બજાવી સમાજનું દિશાદર્શન કરવાની સરાહનીય ફરજ બજાવી રહ્યા હોવાનું શ્રી રાઠવાએ જણાવ્યું હતું.

સ્વાગત પ્રવચન નાયબ માહિતી નિયામકશ્રી એમ.એસ.વળવી તથા આભારવિધિ સહાયક માહિતી નિયામકશ્રી આર.આર.તડવીએ આટોપી હતી.

સેમિનારનું રસાળ શૈલીમાં સંચાલન કરતા ચિત્રલેખાના યુવા પત્રકારશ્રી ફૈસલ બકીલીએ જણાવ્યું કે, ડીજીટલ યુગના પ્લેટફોર્મના ઉપયોગ સાથે મીડીયા જગતમાં હરીફાઈ વધવાની સાથે તેની સામે પડકાર પર એટલા જ ઊભા થયા છે, જેથી સમાચારની સત્યતા જાળવવી એટલી જ કપરી બની રહી છે. જેથી ડીજીટલ યુગમાં કોઈ પણ અખબાર કે ન્યુઝ ચેનલ માટે વિશ્વનીયતા સૌથી અગત્યની છે. અને વિવેકભાન સાથે સમાજને આયનો બતાવવાનું કાર્ય થાય તે જરૂરી છે હોવાનું જણાવ્યું હતું. સમગ્ર સેમિનારનું સફળ આયોજન માટે સહાયક માહિતી નિયામકશ્રી સહાયક માહિતી નિયામકશ્રી ઉમેશ બાવીશા, માહિતી મદદનીશશ્રી મહેન્દ્ર વેકરીયા, સહાયક અધિક્ષકશ્રી અક્ષય દેસાઈ, શ્રી પરેશ ટાપણીયાએ જહેમત ઉઠાવી હતી.

ઉલ્લેખનીય છે કે, અખબારી જગત સાથે સંકળાયેલી સંસ્થા “પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા” ની ૧૬મી નવેમ્બર,૧૯૫૬ ના દિવસે સ્થાપના થઈ હતી. પ્રેસ કાઉન્સીલના જન્મ દિવસને પ્રત્યેક વર્ષ સંભારણારૂપે ઉજવવા અને મીડિયાની સમાજમાં સંનિષ્ઠ લોકપ્રહરીની ભૂમિકાથી સમાજને અવગત કરાવવા માટે વર્ષ ૧૯૯૭માં ૧૬મી નવેમ્બરને નેશનલ પ્રેસ ડે રૂપે ઉજવવાનો નિર્ણય લેવાયો અને ત્યારથી સમગ્ર ભારતમાં આ દિવસની પ્રેસ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે.

સુખાબારી ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધી

નવસારી

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામે તા. ૧/૧૨/૨૦૧૮ થી તા.૩૦/૧૨/૨૦૧૮ દિવસ દરમિયાન રોજ સવારના ૮-૦૦ વાગ્યાથી કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધી નવસારી જિલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓનો ફાયરીંગ પ્રેકટીસ યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા દ્વારા ગોળીબાર પ્રેકટીસ દરમિયાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ફરવા કે ઢોરઢાખર પ્રવેશ પર ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહી પેપર લેસ બનશે

ગાંધીનગર

‘ડિજિટલ ઇન્ડિયા’ અંતર્ગત ગુજરાતમાં સરકારી કામકાજનું ડિજિટિલાઇઝેશન કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુજરાત વિધાનસભાની તમામ કાર્યવાહીને પેપરલેસ બનાવવાના હેતુથી વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વિધાનસભા ખાતે ‘નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન’ અંતર્ગત તા. ૨૬ નવેમ્બર-૨૦૧૮થી બે-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ દ્વારા નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન ગુજરાતની નેશનલ એવોર્ડ વિજેતા ટીમને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. વિધાનસભા ખાતે તા.૨૬ અને ૨૭ નવેમ્બર-૨૦૧૮ દરમિયાન સવારે ૧૧-૦૦ કલાકે બે દિવસીય વર્કશોપમાં નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનની વિશેષતાઓ ટેકનિકલ પાસાઓ, નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનની સંસદીય ટીમ દ્વારા માસ્ટર ડેટા એન્ટ્રીની પદ્ધતિની સમજ, નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનનો લાઇવ ડેમો અને પ્રશ્નોતરી સહિતના વિવિધ સત્રો યોજાશે.

સાયન્સસીટીમાં દેશની પ્રથમ રોબોટીક ગેલેરી ખુલ્લી જશે

અમદાવાદ

આપણે અત્યાર સુધી રોબોટની સ્ટોરી ફિલ્મો જોઈ હશે પણ આવી કાલ્પનિક કથા વાસ્તવિક રૂપમાં હવે અમદાવાદ અને દેશમાં પહેલીવાર સૌની નજર સામે સાકાર થવા જઈ રહી છે. આગામી સમયમાં સાયન્સ સિટીની મુલાકાત લેનારા સહેલાણીઓને ગાઈડ સ્વરૂપે માણસ નહીં પણ રોબોટ મળે તો નવાઈ નહીં લાગે, કારણ કે હવે દેશની સર્વપ્રથમ રોબોટિક ગેલેરી અમદાવાદના સાયન્સ સિટીમાં બની રહી છે. જે ટૂંક સમયમાં જ ખુલ્લી મૂકાશે. એટલું જ નહી, આગામી વાયબ્રન્ટ ગુજરાતમાં પણ રોબોટ મારફતે દેશી-વિદેશી મહાનુભાવોની સરભરા કરાય તેવી શકયતા છે. સાયન્સ સિટીમાં ટૂંકા ગાળામાં જ ૧૫૦ જેટલા રોબોટ ત્યાં આવેલા સહેલાણીઓને ગાઈડ કરતા દેખાશે એટલું જ નહી, ચા-કોફી પણ સર્વ કરતા દેખાશે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સસિટીમાં તાજેતરમાં જ રોબો વેઈટરનું ડેમોન્સ્ટ્રેશન હાથ ધરાયું છે એટલું જ નહીં, મુખ્યપ્રધાન વિજય રૂપાણીની કચેરીમાં પણ એક રોબો વેઈટર દ્વારા ચા-કોફી સર્વ કરવા માટે ડેમોન્સ્ટ્રેશન કરાયું હતું. તેથી હવે ભવિષ્યમાં પ્રધાનમંડળની બેઠકમાં કે પ્રધાનોની કેબિનની બહાર હવે પ્યુન ચા કે કોફીની ટ્રે ઊંચકતા નહીં જોવા મળે તેના બદલે રોબો વેઈટર આ કામગીરી કરતા દેખાશે. અમદાવાદ ખાતેના સાયન્સ સિટીમાં સહેલાણીઓના સ્વાગત અને માર્ગદર્શન માટે ૧૫૦ રોબોટ તૈયાર કરાયા છે. કેમ્પસમાં ૧૦ હજારથી વધુ જગ્યામાં રોબોટિક ગેલેરી આકાર પામી રહી છે. આ ગેલેરીમાં સહેલાણીને પ્રવેશતાંની સાથે જ તમને ૨૫ ફૂટ ઊંચો એક મોટો રોબોટ જોવા મળશે. આ ગેલેરીની ચારે બાજુ એક બેટરીથી ચાલતી ઓટોમેટિક કારનો ટ્રેક બનાવવામાં આવી રહ્યો છે. રોબોટ ગેલેરીમાં એક રોબો રિશેપ્સનિસ્ટ પણ રાખવામાં આવશે. કેટલાક રોબોટ ગાઈડ પણ રાખવામાં આવ્યા છે, જે સહેલાણીઓને ગેલેરી વિશે ગાઈડ પણ કરશે.

સપ્ટેમ્બર મહિનામાં ૯.૩૩ લાખ લોકોને નોકરી મળી છે

નવી દિલ્હી

ભવિષ્ય નિધ સંગઠન ઈપીએફઓ દ્વારા જારી કરવામાં આવેલા રોજગારી અંગેના આંકડા ખુબ જ પ્રોત્સાહનજનક રહ્યા છે. કારણ કે તેના કહેવા મુજબ માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ ૯.૩૩ લાખ લોકોને રોજગારી મળી ગઇ છે. ઈપીએફઓના આંકડાની દ્રષ્ટિએ આ આંકડા કોઇ એક મહિનામાં રોજગારના સૌથી ઉંચા છે. સપ્ટેમ્બર ૨૦૧૭ બાદથી કોઇ એક મહિનામાં રોજગારી આ સપ્ટેમ્બર મહિનામાં સૌથી વધારે મળી છે. જો અમે ઈપીએફઓ દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૭થી સપ્ટેમ્બર ૨૦૧૮ વચ્ચેના ગાળા પર નજર કરવામાં આવે તો આ ગાળા દરમિયાન કુલ ૭૯.૪૮ લાખ લોકોને ભવિષ્ય નિધીન સાથે જોડવામાં આવ્યા છે. ભવિષ્ય નિધી સુરક્ષા યોજનાની સાથે જોડવામાં આવ્યા બાદ આ આંકડા જારી કરવામાં આવ્યા છે. હાલમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર ચરમસીમા પર છે ત્યારે મોદી સરકારને વિરોધ પક્ષો અને ખાસ કરીને કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરવા માટે આ આંકડા ઉપયોગ સાબિત થઇ શકે છે.

સુરત પાલિકા દ્વારા ‘ઈટ રાઈટ ઈન્ડિયા’ મુવમેન્ટ વિષયે સેમિનાર યોજાયો

‘ઈટ હેલ્ધી, ઈટ સેઈફ’, ‘ઈટ ફોર્ટીફાઈડ’ અને ‘નો ફૂડ વેસ્ટ’ની થીમ પર માર્ગદર્શન

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના ઉપક્રમે સમગ્ર દેશમાં તા.૨જી ઓકટોબરથી આયોજિત ‘સ્વસ્થ ભારત સાયકલ યાત્રા’ના સુરત શહેરમાં આગમન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા સિટીલાઈટના સાયન્સ સેન્ટર ખાતે ‘ઈટ રાઈટ ઈન્ડિયા’ મુવમેન્ટ પર સેમિનાર યોજાયો હતો. વહેલી સવારે મેરેથોન, પ્રભાતફેરી અને યોગ-કસરત નિદર્શન કાર્યક્રમ પણ યોજાયા હતા.

સેમિનારમાં ‘ઈટ રાઈટ ઈન્ડિયા’ થીમ અંતર્ગત ‘ઈટ હેલ્ધી, ઈટ સેઈફ’, ‘ઈટ ફોર્ટીફાઈડ’ અને ‘નો ફૂડ વેસ્ટ’ સૂત્રને અનુસરવાનો અનુરોધ કરાયો હતો. લગ્ન સમારંભ, હોટેલ્સ, જાહેર મેળાવડા વગેરેમાં બનતા ભોજનનો બગાડ ન થાય તેમજ સમાજના ગરીબ વર્ગને આ ખોરાક યોગ્ય ચેનલથી પહોંચે તે માટે એન.જી.ઓ. દ્વારા અપીલ કરાઈ હતી. નોન-કોમ્યુનિકેબલ રોગોના નિયંત્રણ માટે હેલ્ધી ફૂડ માટેની અપીલ કરતા ઓડિયો, વીડિયો તેમજ તજજ્ઞ ન્યુટ્રિશિયન દ્વારા ખોરાક અંગે સમજણ આપવામાં આવી હતી. સ્વચ્છ વાતાવરણમાં બનેલા ખોરાકને પ્રમોટ કરવા માટે જુદા જુદા પ્રદર્શન જેવા કે, ‘ક્લિન સ્ટ્રીટ ફૂડ હબ’ ખોરાકમાં ભેળસેળને નાથવા માટે આ ક્ષેત્રના નામાંકિત નિષ્ણાંતો દ્વારા સંદેશો આપવામાં આવ્યો હતો. લોકોમાં માઈક્રોન્યુટ્રીશનની ઉણપ તેમજ કુપોષણને નાથવા માટે ઈન્ડિયન મેડિકલ એસોશિએશન તરફથી ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સુરત મહા નગરપાલિકાના શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રાએ જણાવ્યું હતું કે, સ્વસ્થ ભારત યાત્રા સફળતાપૂર્વક પાર પડે અને ગુજરાતની પ્રજાને સ્વસ્થ, સ્વચ્છ, પોષણયુક્ત ખોરાક મળી રહે અને છેવાડાના માનવીને પણ શુદ્ધ અને સારું ભોજન મળી રહે તે અંગે યાત્રાના માધ્યમથી માહિતગાર કરવામાં આવી રહ્યા છે. સમગ્ર ભારતમાં આ યાત્રા વિવિધ સ્થળોએથી શરૂ થઈને ૧૮ હજાર કિ.મી.નું ભ્રમણ કરીને નવી દિલ્હી ખાતે સંપન્ન થશે.

સૌથી મોંઘી સ્ટેચ્યૂ ઓફ યૂનિટિની મૂર્તિ, પાઘડીની હરાજી ૮૦૦ રૂપિયાથી શરૂ થશે

વડાપ્રધાન મોદીને ૪ વર્ષમાં મળેલી ૧૯૦૦ ગિફ્ટની ઓનલાઈન હરાજી કરાશે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૪ વર્ષમાં મળેલી ૧૯૦૦ ગિફ્ટની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. તેમાં પાઘડી, હાફ જેકેટ અને શોલ જ નહીં પરંતુ રામજીનું ધનુષ અને હનુમાનજીની ગદા પણ સામેલ છે. પાઘડીની હરાજી રૂ. ૮૦૦થી શરૂ થશે જ્યારે શોલની કિંમત રૂ. ૫૦૦થી શરૂ થશે. સૌથી મોંઘી સરદાર વલ્લભભાઈ પટેલની મેટેલિક મૂર્તિ છે. તેની હરાજીની કિંમત રૂ. ૧૦,૦૦૦થી શરૂ થશે જ્યારે એક જ દોરામાંથી બનેલી ફ્રેમ પેન્ટિંગની હરાજી રૂ. ૫૦૦૦થી શરૂ થશે.

પહેલીવાર પીએમને મળેલી ગિફ્ટની હરાજી કરવામાં આવશે અને તેનો ઉપયોગ કલ્યાણ ફંડ માટે કરાશે. સરદાર વલલ્ભભાઈ પટેલની ૪૬*૯૨ની ફોટો ફ્રેમ છે. જેની બોલી રૂ. ૫૦૦૦થી શરૂ થશે. જ્યારે આણંદ જિલ્લા ભાજપ તરફથી આપવામાં આવેલી પટેલની ૪૨ સેમી ઉંચી મેટાલિક પ્રતિમાની બોલી રૂ. ૧૦,૦૦૦થી શરૂ થશે.

પીએમની ગિફ્ટમાં ૭ ઘોડાવાળો ચાંદીનો રથ મળ્યો હતો. કાચના બોક્સમાં બંધ રથની હરાજી રૂ. ૧,૦૦૦થી શરૂ થશે. જ્યારે ગ્રામ ઉદય ભારત ઉદય અભિયાનમાં ૪ ઘોડાવાળા રથની બોલી રૂ. ૪,૦૦૦થી શરૂ થશે. ૭૪ સેમીના ઢોલની હરાજી રૂ. ૧૫૦૦થી શરૂ થશે.

પીએમને રામજીનું ધનુષ અને હનુમાનજીની ગદા પણ ગિફ્ટમાં મળી છે. ધનુષની લંબાઈ ૧૫૨ સેમી છે જ્યારે તેની હરાજી રૂ. ૫૦૦થી શરૂ થશે. ૧૪૭ સેમી લાંબા મેટેલિક ગદાની બોલી રૂ. ૨૫૦૦થી શરૂ થશે. એકતારાની હરાજી રૂ. ૨૦૦૦થી શરૂ થશે.

સ્ટેન્ટની કિંમત ઘટી હોવા છતાં એન્જીયોપ્લાસ્ટી સસ્તી ન થઈ

નવીદિલ્હી

સરકારે એક વર્ષ પહેલા કાર્ડિયક સ્ટેન્ટની કિંમતમાં ઘટાડો કરી દીધો હતો. આ સ્ટેન્ટની કિંમત નક્કી કરી લેવામાં આવી હતી પરંતુ હજુ પણ જુદી જુદી હોસ્પિટલના બિલમાં તપાસ કરવામાં આવે તો જાણી શકાય છે કે, કિંમતની મર્યાદા નક્કી કરાઈ હોવા છતાં કોઈ વધારે ફાયદો થયો નથી. સ્ટેન્ટ માટે કેટલા રૂપિયા ચુકવવાના રહેશે તે બાબત કઈ હોસ્પિટલમાં દર્દી પહોંચે છે તેના ઉપર આધારિત છે. ગયા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કાર્ડિયક સ્ટેન્ટની કિંમત ૩૦૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. એક વર્ષ પછી તેની સમીક્ષા કરવામાં આવનાર હતી. વધારે કિંમત નક્કી કરવાના ફાયદા ઉપર નજર કરવામાં આવે તો સરકારી હોસ્પિટલ અને ચેરિટેબલ હોસ્પિટલોમાં દર્દીઓને આનો લાભ થયો છે પરંતુ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઇ રહેલા દર્દીઓને કોઇ ફાયદો થયો નથી. આ હોસ્પિટલોના એન્જીયોપ્લાસ્ટીની પ્રક્રિયામાં ઉપયોગ થનાર અન્ય સાધનો જેમ કે, કેથેટર, બલુનની કિંમતમાં કોઇ અંકુશ નથી. અનેક મોટી અને કોર્પોરેટ હોસ્પિટલોમાં આ ચીજવસ્તુઓ વધારીને સ્ટેન્ટના માર્જિનમાં થયેલા નુકસાનની ભરપાઇ કરવામાં આવી રહી છે. રકમ નક્કી કરવામાં આવ્યા બાદથી સ્ટેન્ટની કિંમત ૮૫ ટકા સુધી ઘટી ગઈ છે.

આરટીઓ કર્મી પહેલા પાનાથી ચાલુ

વસાહતો, એપાર્ટમેન્ટમ્સ અથવા જાહેર સ્થળો પર યોજવામાં આવનાર કેમ્પમાં નવી નંબર પ્લેટ લગાવવા માટે આરટીઓ તરફથી નક્કી કરેલો ચાર્જ જ વસૂલ કરી શકાશે. સુપ્રિમ કોર્ટના આદેશ આપ્યો છે તે પ્રમાણે દરેક વાહનમાં હાઈ સિકયોરિટી નંબર પ્લેટ લગાવવી ફરજિયાત છે. આ માટે આરટીઓ અથવા આરટીઓના અધિકૃત ડિલર્સને ત્યાં જઈને વાહનચાલકો પોતાની જૂની પ્લેટને બદલી શકે છે. તંત્રના આ મહત્વના નિર્ણયને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરના નાગરિકો કે વાહનચાલકોને બહુ મોટી રાહત થઈ છે. તંત્રના આ નવતર અને હકારાત્મક અભિગમને પગલે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર એચએસઆરપી લગાવવાની કામગીરી પણ ઝડપથી અને અસરકારક રીતે હવે પૂર્ણ થઈ શકશે તેવી આશા બંધાઈ છે.

રો રો સર્વિસ પહેલા પાનાથી ચાલુ

દક્ષિણ ગુજરાતને જોડતી ઘોઘા દહેજ વચ્ચેની રો-રો ફેરી સર્વિસ ગત તા.૨૨ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે શરૂ કરાયેલી આ સર્વિસ માત્ર એક મહિનામાં જ ફરી વિવાદમાં ફસાઈ છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દહેજ-ઘોઘા વચ્ચે પેસેન્જર રો-રો ફેરી સર્વિસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પેસેન્જર સહીત વાહનો અને માલવાહક વાહનો સાથે નવા શીપમાં આ સર્વિસ શરૂ કરવામાં આવી છે. વોયેજ સિમ્ફોની નામનું ૪૦૦૦ ટનનું આ જહાજ કોરિયામાં વર્ષ ૨૦૧૫માં બનેલું છે. મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે ફેરી સર્વિસમાં સામેલ કરાયેલા આ જહાજમાં ૬૦ ટ્રક, ૩૫ બસ અને ૫૨૫ પેસેન્જર સમાવી શકાય છે અને તે દિવસમાં ત્રણ વખત દહેજથી ઘોઘા અને ઘોઘાથી દહેજ અવરજવર કરે છે. રોડ દ્વારા મુસાફરીમાં થતા છ કલાકના બદલે આ સર્વિસથી માત્ર એક કલાકમાં જ દહેજ-ઘોઘા વચ્ચેનું અંતર કાપી શકાય છે. આ જહાજ મધદરિયે બંધ પડતા બંને તરફના મુસાફરો આજે મુશ્કેલીમાં મૂકી ગયા હતા. જો કે, તંત્રએ બધાને સહીસલામત ખસેડવાની તજવીજ હાથ ધરી જહાજની ટેકનીકલ ક્ષતિ નિવારવાના પ્રયાસો યુધ્ધના ધોરણે હાથ ધર્યા હતા.

પત્રકાર કયારે નિષ્પક્ષ હોઈ શકે જ નહીં

હેડીંગ વાંચતાની સાથે એક ક્ષણ થોડોક આઘાત લાગે છે. આપણે નિષ્પક્ષ હોવાની વાત એટલી બધી વખત સાંભળી છે. ખરેખર નિષ્પક્ષતા કોને કહેવાય તે જ ભુલી ગયા છીએ, છેલ્લાં કેટલાંક વર્ષોથી મારા મિત્રો અને મને વાંચનાર મારી ઉપર આરોપ મુકે છે હું નિષ્પક્ષ નથી, હું ભાજપ વિરોધી છું અને કોંગ્રેસ તરફી છું, મારી આ ટીકાઓ વચ્ચે પણ હું જે માનું છું તે લખતો રહ્યો છું. ગુજરાત પોલીસના બનાવટી એકાઉન્ટરો અંગે પણ મેં ખુબ લખ્યું ત્યારે મારી ઉપર આરોપ મુકયો કે હું પોલીસ વિરોધી છું, પણ આ દરિમાયન સારૂ કામ કરનાર પોલીસ અધિકારીઓની પણ એકસો કરતા વધારે સ્ટોરી મેં લખી ત્યારે કેટલાંક વાંચકોને આઘાત લાગ્યો, પહેલા તો તેમને મત હતો કે પોલીસ કઈ રીતે સારી હોઈ શકે અને બીજી નારાજગી એવી હતી કે હું કેવી રીતે પોલીસની પોઝીટીવ સ્ટોરી કરી શકું આમ એક જ સ્ટોરીને બે અલગ દ્રષ્ટીકોણથી જેવામાં આવી રહી છે.

આ થોડીક ઘટનાઓ એટલા માટે ટાંકી કારણ પત્રકાર નિષ્પક્ષ હોવો જોઈએ તેવી વ્યાપક ચર્ચા થાય છે. પત્રકારની જેમ પોલીસ અને ન્યાયાધીશ પણ નિષ્પક્ષ હોવા જોઈએ તેવો આપણ માત્ર આગ્રહ જ નહીં દુરાગ્રહ પણ હોય છે. ત્રીસ વર્ષ પહેલા જયારે પત્રકારત્વમાં આવ્યો ત્યારથી આજ સુધી મેં બે પ્રકારના પત્રકાર જોયા છે. એક તો સરકાર અથવા સામેવાળી વ્યકિત જે બોલે તે અક્ષરસહ પોતાની ડાયરીમાં નોંધી, તે પોતાના વાંચકો સામે મુકે છે. બીજો પત્રકાર મેં એવો જોયો કે સામેવાળી વ્યકિત જે કહે છે તે નોંધી તે ખરેખર સાચું કહે છે કે તેની સચાઈમાં કંઈક ખોટ છે, તે અંગે તપાસ કરી બંન્ને બાબત વાંચકો સામે મુકે છે. મારે કયા પ્રકારના પત્રકાર થવું તે મારે પસંદ કરવાનું હતું, જે પહેલો પ્રકાર છે તે ખુબ સલામત છે. તેમાં નોકરી આબરૂ અને પગારનું કોઈ જોખમ ન હતું, પહેલો પ્રકાર સ્ટોનોગ્રાફર જેવો છે.

સરકારી ઓફિસમાં ઉચ્ચ અધિકારીઓને ત્યાં કામ કરતા સ્ટેનોગ્રાફરે પોતાનું મગજ દોડાવવાનું હોતું નથી. અધિકારી જે ડીકટેશન આપે તે લઈ તેને માત્ર શબ્દનું સ્વરૂપ આપવાનું હોય છે, પણ બીજો પ્રકાર છે તેમાં પત્રકારે ન્યૂઝની સાથે વ્યૂઝને પણ સામેલ કરવાનો હોય છે. જેના કારણે જેના માટે સમાચાર લખાય તે વ્યકિત નારાજ થવાની પુરી સંભવના છે. જો નારાજ થનારી વ્યકિત શકિતશાળી હોય તો તમારી નોકરી પણ જઈ શકે છે, આવું મારી સાથે એક ડઝન કરતા વધુ વખત થયું છે. છતાં મને પત્રકારનો બીજો પ્રકારનો રાશ આવી ગયો છે, પત્રકાર ક્યારેય કોઈને રાજી કરવા અથવા દુઃખી કરવા કંઈ કરતો નથી, પણ જે પ્રસિધ્ધ થાય છે તેના કારણે કોઈક રાજી તો કોઈ દુઃખી થાય છે તે સમાચારની બાય પ્રોડકટ છે. દરેક ઘટનાને જોવાનો અને તેને મુલવવાનો દરેક પત્રકારનો વ્યકિગત અધિકાર છે.

મારી ઉપર તેવો આરોપ છે કે હું નરેન્દ્ર મોદી અને ભાજપ વિરોધી છું, સાથે કોંગ્રેસ તરફી છું, હું ખરેખર કોનો વિરોધી અને કોના તરફી છું તેવો પ્રશ્ન મને થાય ત્યારે મને લાગે છે. કે મારી ઉપર ભાજપ વિરોધી આરોપ મુકનારે મને કોંગ્રેસના સમયમાં કરેલુ રિપોર્ટીંગ વાંચ્યુ જ નથી. વર્ષોથી સુધી કોંગ્રેસનું શાસન રહેવાને કારણે રાજયમાં અરાજકતા હતી, મનમાં કયાંક એવું લાગતુ કે કોંગ્રેસનું શાસન જાય અને ભાજપનું શાસન આવે તો એટલે જ ત્યારે હું કોંગ્રેસ સામે આજે જેમ ભાજપ અંગે લખું છું તેવું કચકચાવી લખતો હતો. જો કોઈ મને પુછે કે આ વાતની સાક્ષી કોણ આપે તો હું કહીશ જો નરેન્દ્ર મોદી સાથે તમારે સંવાદ કરવાનો અવસર મળે તો તેમને જ પુછી લો. કોંગ્રેસ સત્તામાં હોવાને કારણે સ્વભાવીક રીતે કોંગ્રેસ સામે જ લખવાનું હતું, પ્રજાના પ્રશ્નો અને કોંગ્રેસની બદીઓ અંગે લખવાનું હતું ભાજપ ત્યારે સત્તા ઉપર જ ન્હોતી તો કઈ રીતે તમે ભાજપ સામે લખી શકો અને લખો તો પણ શું લખો.

વાત પત્રકારની નિષ્પક્ષતાની છે. થોડા દિવસ પહેલા બીબીસી ગુજરાતી દ્વારા અમદાવાદમાં ફેક ન્યૂઝ ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણા બધા વક્તા હતા. તે પૈકી એક સિનિયર પત્રકાર અને કટાર લેખત રમેશ ઓઝા પણ હતા. તેમણે કહ્યું પત્રકાર નિષ્પક્ષ હોઈ શકે તે વાત સાથે હું સંમત્ત જ નથી. પત્રકારે તો કોઈ એકનો પક્ષ લેવાનો જ હોય છે, પણ પત્રકાર કોનો પક્ષ લેશે તેવો પ્રશ્ન આવે ત્યારે પત્રકારે કાયમ વંચિત શોષીત અને છેવાડાના માણસની સાથે જ ઊભા રહેવાનું હોય છે. જેનો સીધો અર્થ એવો થાય કે પત્રકાર શાસનની સામે છે. મારા સિનિયર રમેશ ઓઝાની વાત સાથે સંપુર્ણ સંમત્ત છું. પત્રકાર નિષ્પક્ષ હોઈ જ શકે નહીં અને જે નિષ્પક્ષ હોય તે પત્રકાર હોઈ શકે નહીં કારણ તે પક્ષ લેતો નથી તો તે સ્ટેનોગ્રાફર છે. સંભવ છે કે ક્યારેક પત્રકારને વિષયને સમજવામાં અને મુલવવામાં ઉણો ઉતરી શકે છે. છતાં તેણે પોતાનો તો એક મત રાખવો જ જોઈએ અને પોતાનો મત રજુ કરવા જોઈએ.

મારા પોતાના ભુતકાળના અનેક મત આજે બદલાઈ ગયા છે. ખેર તો જુદો પ્રશ્ન છે. પત્રકારને સામાન્ય રીતે પુછવમાં આવતો પ્રશ્ન છે તમને શું લાગે છે. તેનો અર્થ વાંચકે સમાચાર તો વાંચી લીધા છે તેને ઘટનાની તો ખબર છે. પણ પત્રકાર પાસે જાણવા માગે છે કે તમારો મત શું છે, પણ પત્રકારોનો મોટો સમુહ ખાનગીમાં અને મૌખિક રીતે જો પોતાનો સાચો મત કહે છે પણ જયારે તેને શબ્દો આપવાનો વખત આવે છે ત્યારે પોતાનો મત છુપાવે છે. આવી જ સ્થિતિ પોલીસ અને ન્યાયાધીશને પણ છે પોલીસ અને ન્યાયાધીશે પણ ન્યાય વાંચ્છુંઓની જ મદદ કરવાની હોય છે. પોલીસ ક્યારે એવુ કહી શકે નહીં કે હું નિષ્પક્ષ છું માટે ગુંડો અને સામાન્ય નાગરિક બંન્ને સરખા છે. પોલીસે પ્રજાનો પક્ષ લઈ ગુંડાને પાઠ ભણાવવાનો હોય છે. તેવી જ રીતે ન્યાયાધીશે પણ તેમની સામે રજુ થયેલા ફરિયાદી અને આરોપીના ચહેરા જોયા વગર માત્ર ન્યાયનો પક્ષ લેવાનો હોય છે. ન્યાયાધીશ નિષ્પક્ષ થઈ જાય તો ન્યાય થાય નહીં. મને લાગે છે કે હું નિપખ્પક્ષ નથી અને મારે નિષ્પક્ષ થવું પણ નથી.

ગુજરાતીઓને પંચાત કરવા મળ્યા મુદ્દા રબ્બર સ્ટેમ્પ નહિ, હવે રોબોટ અને U.P.A ની હરીફાઈ ભ્રષ્ટાચારમાં પણ

ગત સપ્તાહ દરમિયાન ગુજરાતીઓ જ્યાં જ્યાં બેસીને ગુજરાતના રાજકારણની પંચાત કરે છે તેવાં સ્થળોએ બે મુદ્દા વધુ ચર્ચા માં રહ્યા . એક તો મુખ્યસચિવની કચેરીમાં રોબોટ ચા – પાણી પીરસે છે તે અને બીજો મુદ્દો ગુજરાતમાં રોજે રોજે જાહેર થતા લાખો – કરોડો ના કૌભાંડો . બગીચામાં બાકડા બેઠક હોય કે મંદિર ના બાંકડાઓ પર નિવૃત્ત ભક્તોનું ગપસપ હોય . હેરકટિંગ સલુન હોય કે ચાની કીટલી ચર્ચાતો આ બે મુદ્દા પરજ સાંભળવા મળી .

હવે આપણા વિજયભાઈ ને રબ્બર સ્ટેમ્પ નહિ કહેવાનું

પ્રગતિનગર ગાર્ડનમાં સવારની બાકડા બેઠકમાં છાપાના પાના પર ટકોરો મારીને રમણીક કાકાએ કહ્યું “ જુઓ હવે આજથી તમને સહુને ખાસ ટકોર કરું છું કે હવે કોઈએ આપણા વિજયભાઈ રૂપાણીને રબ્બર સ્ટેમ્પ કહેવાના નથી . આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ નવી નવી ટેકનોલોજીના આગ્રહી છે . તેમને લાગ્યું કે રબ્બર સ્ટેમ્પ એ જૂની પરંપરાગત પધ્ધતિ હવે આજના યુગમાં ન ચાલે . નવી પેઢીને તો રબ્બર સ્ટેમ્પની ખબર જ નથી પડતી . જેથી તેમણે રબ્બર સ્ટેમ્પના બદલે આધુનિક રોબોટ નો ઉપયોગ કર્યો છે . હવે આપણા વિજયભાઈ દિલ્હીથી જે પણ ફીડ કરવામાં આવ્યું હશે તે મુજબ નિર્ણયો જાહેર કરે છે તેને રોબોટ મુખ્યમંત્રી કહેવાના છે .”

દુકાનમાં કામ કરતો બોલકો મનીષ ઉછળ્યો “ કાકા , એ પણ ચીની બનાવટ છે . ચાલ્યું તો ચાલ્યું નહિ તો ઊંધું વાળી દે .”

ભટ્ટજી બોલ્યા “ લે , તો આ રૂપાણી પણ એવું જ કરે છે ને . ક્યારેક બેટરી ઓછી હોય ત્યારે લોચા મારી દે છે અને દિલ્હીથી કરંટ આપીને ખખડાવે છે .”

પંડ્યા કાકા એ ધીરગંભીર મુદ્રામાં કહ્યું “ મને પાંચ સાત વર્ષ પહેલાના ભાજપના વિધાનો યાદ આવે છે . ભાજપના જ નેતાઓ કહેતા હતા કે હવે ગુજરાતમાં મુખ્યમંત્રી પદ માટે નરેન્દ્રભાઈ પછી બીજા – ત્રીજા તો ઠીક પણ દસમાં ક્રમ સુધી કોઈ જ નથી . તેમની બરાબરી કરી શકે તેવાં કોઈ જ નથી . આ નરી વાસ્તવિક્તા છે તે આજે આપણે જોઈ શકીએ છીએ . પ્રજા હવે અન્ય કોઈને સ્વીકારી શકે તેમ નથી . ગુજરાતમાં રૂપાણી હોય કે અન્યકોઈ , નરેન્દ્રભાઈ ની તુલના એ તમામ રબ્બર સ્ટેમ્પ કે રોબોટ જ લાગશે . આવું જ હવે વડાપ્રધાન પદમાં થશે . કદાચ ૨૦૧૯ માં કે ૨૦૨૪ માં વડાપ્રધાન બદલાશે તો તે સારો વહીવટ કરતા હશે તો પણ નરેન્દ્રભાઈ જેવું વ્યક્તિત્વ તો નહિ જ મળે .”

ફરી રમણીક કાકાએ કહ્યું “ પણ આપણા ગુજરાતે તો હવે યુ.પી.એ સરકારના ભ્રષ્ટાચાર ની પણ હરીફાઈ શરુ કરી હોય એવું લાગે છે . ભાજપના સાથ સહકાર સાથે રોજ નવી નવી ફોડ કંપનીઓના સમાચારો આવવા લાગ્યા છે . ૨૦૧૪ મા યુ.પી.એ સરકાર સામે પ્રજાએ જે મતદાન કર્યું હતું . તે કૌભાંડો ના કારણે કર્યું હતું . આ ભાજપવાળા એ હવે જાગી જવાની જરૂર છે .”

નટુભાઈ વેપારીએ કહ્યું “ પણ આ ભાજપવાળા તો તમામ ભ્રષ્ટાચાર માં ભાજપના નેતાને બચાવવાનો જ પ્રયાસ કરે છે . એટલું જ નહિ બેશરમી ની હદ વટાવી , જયારે અદાલતે સજા ફરમાવી દીધી હોય , અને ગુનેગાર ઉપલી કોર્ટમાં અપીલ કરી હોય તો તેને ભાજપ ગુનેગાર સમજતી નથી . કોંગ્રેસના નેતાઓને તત્કાળ રાજીનામાં આપી દેવાની ફરજ પાડતા ભાજપના નેતાઓ ગુનેગારોને ઉચ્ચ હોદ્દાઓ અને સરકારમાં સ્થાન આપે છે .”

ભટ્ટજી એ કહ્યું “ એ બધું જ સાચું , પણ કોંગ્રેસમાં તાકાત હોવી જોઈએને કે ભાજપના નેતાને રાજીનામું અપાવી શકે . ભાજપને ખબર છે કે ગમે તેવો જેરી સાપ હોય તેને એ રીતે પકડી શકાય કે તે ડંખે નહિ . અ કોંગ્રેસને તે ખબર નથી પડતી . સીધી ફેણ પકડવા જાય છે , અને જેરીલો સાપ કોંગ્રેસને જ ડંખે છે .”

પંડ્યા કાકાએ એક વાક્ય કહ્યું અને બધા જ સભ્યો સભા બરખાસ્ત કરી ઉભા થઈ ગયા – “ ચુંટણીમાં લોકો આ બધું જ ભૂલીને મોદી મોદી કરતા મત આપવા જવાના છે .”

કોંગ્રેસમાં હોદ્દાઓની લહાણી છતાં અનેક રહીગયેલાઓની નારાજી

કોંગ્રેસનું સંગઠન સાવ નબળું હોવા છતાં સહુથી વધુ હોદેદારો કોંગ્રેસમાં હોય છે. એવું ઘણીવાર જોવા મળે છે કે કોઈ જાહેર કાર્યક્રમ – ધરણા – દેખાવો રાખ્યા હોય , તો મંચ ઉપર જે સંખ્યા હોય તેટલી સંખ્યા નીચે મંચ ની સામે જોવા નથી મળતી . કોંગ્રેસમાં કોઈને કાર્યકર તરીકે રહેવું ગમતું નથી . સહુકોઈ નેતા તરીકે પોતાની ઓળખ ઉભી કરવા મથામણ કરતા હોય છે . જેથી હોદ્દાનું એક પુછડુ તો હોવું જ જોઈએ . તાજેતરમાં જે યાદી જાહેર થઈ તેમાં ૧૬૯ પ્રદેશ મંત્રીઓ છે . આ તમામ કાર્યકરો પોતાના હોદ્દાનો મોટો ઉલ્લેખ કરી લેટર પેડ છપાવશે . અને તેનો ઉપયોગ કેવો થતો હોય છે એ રાજકારણીઓ અને પત્રકારો સારી રીતે સમજે છે . કોઈ પોતાનું મકાન કે દુકાનનું રીનોવેશન કરાવે , તો આ કાર્યકર તેમની પાસે પહોચી જાય , નિયમો સમજાવીને તોડ કરવાનો પ્રયત્ન કરે છે . જો કશું ન મળે , તો લેટર પેડનો ઉપયોગ કરી તેમની વિરુદ્ધ અરજી કરવામાં આવે છે . કોંગ્રેસના પ્રદેશના હોદેદારોનો પત્ર મળે એટલે ઈકવાયરી તો થાય જ . અને તપાસ માટે કોણ આવશે તે આ નેતા જાણતા હોય છે . ગોઠવણ કરીને પોતે અને તપાસ કરવા આવેલા કર્મચારી બંને કમાઈ લે એવી ગોઠવણ થાય છે . ટૂંકમાં હોદ્દાના પુછડાથી કમાણી થઈ શકે છે . માટે હોદ્દો તો હોવો જ જોઈએ . ૧૬૯ પ્રદેશ મંત્રીઓ નિમાયા હોવા છતાં મને આઠ – દશ કાર્યકરોએ કહ્યું કે તેમને અન્યાય થયો છે .બીજા ફાલતુઓ હોદ્દા લઈ ગયા અને પોતે સીનીયર હોવા છતાં રહી ગયા . પછી ભલામણ કરે કે તમે કચકચાવીને લખજો . ભાજપમાં તો ૨૫ વર્ષથી હોદ્દા – બોર્ડ નિગમ કે ટીકીટની પ્રતીક્ષા કરતા કાર્યકરો આટલા વર્ષે પણ એક હરફ ઉચ્ચાર્યા વિના કામ કરે છે . તેમને ગીતાના સંદેશ પર ભરોસો છે ‘ કર્મ કરે જા , ફળની ઈચ્છા ન રાખ ’ . કોંગ્રેસમાં ઉલટું છે . પહેલાં ‘ ફળ નહિ , આખો બગીચો આપી દો પછી તમે કર્મની અપેક્ષા રાખજો ’.

સંસદીય સમિતિ સમક્ષ કૃષિ મંત્રાલયનો સ્વીકાર,રોકડની અછતને કારણે ખેડૂતો સમયસર બીજ-ખાતર ખરીદી ન શક્યા

નોટબંધીએ ખેડૂતોની કમર તોડી નાખી: કૃષિ મંત્રાલયે મોદી સરકારની પોલ ખોલી

ન્યુ દિલ્હી

૨૦૧૬મા મોદી સરકાર દ્વારા કરવામાં આવેલી નોટબંધીના નિર્ણય પર દેશમાં સતત ચર્ચા થાય છે. વિપક્ષે આ નિર્ણયને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો છે અને સરકાર તેને ફાયદાકારક ગણાવે છે. પરંતુ કેન્દ્ર સરકારના જ કૃષિ મંત્રાલયે પોતાના એક રિપોર્ટમાં કહ્યું છે કે ખેડૂતો પર નોટબંધીના નિર્ણયની ખૂબ જ ખરાબ અસર પડી હતી.

નાણાં મંત્રાલય સાથે જોડાયેલ સંસદની એક સ્થાયી સમિતિની બેઠકમાં કૃષિ મંત્રાલયે માન્યું છેકે રોકડની અછતના લીધે લાખો ખેડૂત રવી સીઝનમાં વાવેતર માટે બિયારણ-ખાતર ખરીદી શકયા નથી. જેની તેમના પર ખૂબ જ અસર પડી છે. કૃષિ મંત્રાલયે નોટબંધીની અસર પર એક રિપોર્ટ પણ સંસદીય સમિતિને સોંપ્યો છે.

કૃષિ મંત્રાલયે સમિતિને જણાવ્યું કે નોટબંધી જ્યારથી લાગૂ થઈ ત્યારથી ખેડૂત કાં તો પોતાના ખરીફ પાકની વેચી રહ્યો હતો કાં તો ફરીથી રવી પાકની વાવણી કરી રહ્યો હતો. એવામાં ખેડૂતોને રોકડની ખૂબ જ જરૂર હોય છે, પરંતુ એ સમયે રોકડની અછતના લીધે લાખો ખેડૂત બિયારણ અને ખાતર ખરીદી શકયા નહીં.

કૃષિ મંત્રાલયે પોતાના રિપોર્ટમાં એટલે સુદ્ધાં કહ્યું કે મોટા ખેડૂતોને પણ ખેતીના કામનું મહેનતાણું આપવા અને ખેતીની જરૂરિયાતને પૂરી કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મંત્રાલયે કહ્યું કે રોકડની અછતના લીધે રાષ્ટ્રીય બીજ નિગમના લગભગ ૧ લાખ ૩૮ હજાર ક્વિન્ટલ ઘઉંનું બીજ વેચાય શકયું નહોતું.

જો કે સરકારે બાદમાં બિયારણ ખરીદવા માટે ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની જૂની નોટોના ઉપયોગની છૂટ આપી હતી. કૃષિ મંત્રાલયના રિપોર્ટમાં કહ્યું છે કે સરકારની આ છૂટ બાદ પણ બિયારણના વેચાણમાં કોઈ ખાસ તેજી આવી નહોતી.

જો કે શ્રમ મંત્રાલયે સમિતિની સમક્ષ નોટબંધીના વખાણ કરતાં પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે નોટબંધી બાદના ક્વાર્ટરમાં રોજગારના આંકડામાં વધારો થયો હતો. બેઠકમાં વિપક્ષના સાંસદોએ કૃષિ મંત્રાલય અને સ્જીસ્ઈ મંત્રાલયના અધિકારીઓને કડક પ્રશ્નો પૂછયા. કેટલાંય સાંસદોએ જાણવાની કોશિષ કરી કે નોટબંધી બાદ લાખો લોકોની નોકરી જવાના રિપોર્ટની શું સરકારને માહિતી હતી?

આપને જણાવી દઈએ કે આ સમિતિના અધ્યક્ષ કૉંગ્રેસ સાંસદ વીરપ્પા મોઈલી છે. સમિતિના સભ્યોમાં ચેરમેન સહિત કુલ ૩૧ સંસદ છે. આ સભ્યોમાં પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ પણ સામેલ છે.

રોબોટ પટાવાળા જ નહિ, રોબોટ સીએમ અને રોબોટ પીએમ પણ.....



સર્વોચ્ચ ગુસ્સાથી લાલચોળ થઈ છે. શરીરમાંથી નીકળી શકે એટલી બધી જ જગ્યાએથી ધુમાડા નીકળે છે. એમને આટલા ગુસ્સામાં આ પહેલા કોઈએ જોયા નથી. આજે એમની હડફેટે જે ચઢ્યો કે ચઢી એની ખો નીકળી જવાની. જો કે એમનો ગુસ્સ્સો વ્યાજબી છે. એમના ગુસ્સાના મૂળમાં ગુજરાતથી આવેલી એક ખબર છે.

ગુજરાતમાં એક છાપામાં એ ખબર તસ્વીર સાથે છપાઈ ગઈ કે રાજ્યના મુખ્ય સચિવની ઓફિસમાં રોબોટ પટાવાળો છે. જે માણસ પટાવાળાની જેમ જ મહેમાનોને ચા પાણી આપે છે. કદાચ વધારે સારી રીતે. આમ તો માની ના શકાય પણ ન્યુઝ ફોટા સાથે આવ્યા છે. વાત બહાર પડી ગયા પછી મુખ્ય સચિવે કુશળતાથી વાતને એમ કહીને વાળવાનો પ્રયત્ન કર્યો કે, આ તો આવતા વાયબ્રન્ટમાં ડેમો માટે રોબોટ લાવેલા એનું ટેસ્ટિંગ ચાલે છે.

સર્વોચ્ચનાં ગુસ્સાનું કારણ આ જ છે.૨૦૧૯ના એમના સૌથી મોટા સિક્રેટ પ્લાનની ગુમ્મતા ગુજરાતવાળા જાળવી ના શક્યા. સર્વોચ્ચની મૂળ યોજના બે ભાગમાં વહેચાયેલી છે. પટાવાળાનો ટ્રાયલ રન સફળ થાય તો સર્વોચ્ચનું આયોજન સૌપ્રથમ રોબોટ સીએમ બનાવવાનું છે. આમે ય સીએમને શું કરવાનું અને શું નહિ કરવાનું એ બધે બધું એ ટુ ઝેડ શીખવાડવું પડતું હોય છે, નાની નાની વાતોમાં દિલ્હીથી સૂચનાઓ આપવી પડતી હોય છે અને તોય છેલ્લે તો લોચા જ હોય છે. આના કરતા રોબોટ શું ખોટા? એનામાં ધારીએ એ પ્રોગ્રામ ફીડ કરી શકાય. ઈંટરનેટનાં આ જમાનામાં લાઈવ સૂચનાઓ પણ આપી શકાય. રોબોટમાં મોટામાં મોટી શાંતિ એ કે એને પ્રોગ્રામ કર્યો હોય કે સુચના આપી હોય, એ પ્રમાણે જ કામ કરે. બીજા ફાયદાઓ પણ ખરા જ. નાત-જાતના કોઈ બંધન નહિ. વણીકને સીએમ બનાવો તો પટેલ નારાજ થાય અને પટેલને બનાવો તો બાપુઓ નારાજ. રોબોટમાં આવી કોઈ જફા જ નહી અને એના કરતા પણ મોટી વાત, રોબોટને કોઈ રાજકીય મહત્વકાંક્ષાઓ ના હોય એટલે ભવિષ્યમાં એનાથી કોઈ જોખમ જ નહિ. હા, એને રોજે રોજ ચાર્જ કરવાની જફા ખરી, પણ એમાં તો માણસોને પણ ક્યા ચાર્જ નથી કરવા પડતા. જો કે આ પણ એક પ્રકારે ટ્રાયલ રન જ છે. સર્વોચ્ચની મૂળ યોજના જાણશો તો એમના માટેનું માન અનેક ઘણું વધી જશે.

આ વાત સર્વોચ્ચનાં મનમાં રજનીકાંતની ફિલમ રોબોટ જોઈ ત્યારની રમતીતી. સર્વોચ્ચ આમ તો ફરવાના શોખીન છે – દેશમાં અને પરદેશમાં પણ. પણ ઈલેક્શનમાં ભારત જેવા વિશાલ દેશમાં સમય અને સ્થળની મર્યાદા નડતી હોય છે. ૨૦૧૯મા સર્વોચ્ચ પાસે એક ગેમ ચેન્જર પ્લાન છે, જે એમના સિવાય બધાને ધૂળ ચાટતા કરી દેશે. પ્લાન કૈક આવો છે – સર્વોચ્ચ જેવા જ હુબહુ ૫૪૩ રોબોટ તૈયાર કરવા. એ બધ્ધા દેખાવમાં તો સર્વોચ્ચ જેવા હોય જ – જેનો ટ્રાયલ રન ૨૦૧૪માં સર્વોચ્ચનાં માસ્ક મહોરાથી સફળતાપૂર્વક થઈ ચુક્યો છે અને એના પરિણામો આપણે જોયા છે થમ્પીંગ મેજોરિટી રૂપે – આ એના કરતા કઈ કેટલાય ઘણા આગળની વાત છે. એ બધ્ધા ૫૪૩ રોબોટ ૫૪૩ લોકસભા બેઠકોની જાહેર સભાઓમાં એક સાથે એક જ સમયે સર્વોચ્ચની જેમ જ છટાદાર ભાષણ કરીને છવાઈ જશે. લોકો મોંઘવારી, નોટબંધી, જીએસટી, રાફેલ, સીબીઆઈ, આરબીઆઈ, રાહુલ ગાંધી, બધું જ ભૂલી જશે. અરે તાળીઓ પણ પાડવાનું ભૂલી જશે અને બસ મ્હો વકાસીને સર્વોચ્ચનાં રોબોટને જોયે રાખશે. કાર્પેટ બોમ્બીન્ગ હવે જૂની વાત થઈ ગઈ. આ તો રોબોટ બોમ્બીન્ગ. ટીવી ચેનલવાલા એમની સ્ક્રીન પર ૫૪૩ વિન્ડો બનાવશે અને બધે બધી ૫૪૩માં સર્વોચ્ચનાં દર્શન થશે એટલે કે સર્વોચ્ચનાં રોબોટનાં. સર્વોચ્ચ તો પોતાના બંગલે બેઠા બેઠા તમારી મારી જેમ જ ટીવી પર સર્વોચ્ચ દર્શનનો આનંદ લેતા હશે. બહુ વરસ ચૂટણીઓમાં દોડી દોડીને લોહી પાણી એક કર્યા.અબ કુછ જી લેતે હૈ. આ બધું જો સફળ થયું તો – સફળ થશે જ ને, આ અપાર સંભાવનાઓના દેશમાં કઈ જ અશક્ય નથી અને સર્વોચ્ચનાં શબ્દકોશમાં અશક્ય નામનો શબ્દ જ નથી – એ કોણ બોલ્યું કે મુળે આ નેપોલિયનના શબ્દકોશની વાત હતી? નહેરુ જેકેટ મોદી જેકેટ થઈ ગયું કે નહી? – હા જો આ બધું સફળ થયું, તો ૨૦૧૯નાં નવા મંત્રીમંડળમાં રોબોટ મંત્રીઓ વિષે પણ વિચારી શકાય.

સર્વોચ્ચ માટે રાહતની વાત એ છે કે, લોકોને આ વાતનો અણસાર સુધ્ધ નથી. લોકો તો હજી એ જ ચિંતામાં છે, કે જો પટાવાળાની પોસ્ટ પણ રોબોટ લઈ જશે તો, ભારત જેવા બેકારોથી ઉભરાતા દેશમાં નોકરીઓનું થશે શું? આનું નામ તો ભારત.

રાજપીપળા કાછીયા સમાજ દ્વારા પગપાળા જતા સંઘના ભક્તો માટે ખાસ જમવાની વ્યવસ્થા



ભાથીજી મહારાજ નો કાગળ નો ઘોડો બનાવી પરંપરાગત રીતે દર વર્ષે હજારો ભક્તો પગપાળા સંઘ માં જાય છે ત્યારે આ યાત્રીઓ ને મફત ભોજન પીરસી માનવતા નું કાર્ય કરતું કાછીયા સમાજ

રાજપીપળા : હાલ વિવિધ ધાર્મિક સ્થળો ઉપર ભક્તો પગપાળા જતા હોય છે જેમાં ડાકોર, ફાગવેલ વગેરે ધાર્મિક સ્થળો પર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર માંથી પણ લોકો સંઘ લઈને પગપાળા યાત્રાએ નીકળતા હોય છે ત્યારે પોતાના વતન થી દૂર પગપાળા યાત્રાએ જતા હોય તેમને રાજપીપલા કાછીયા સમાજ દ્વારા પોતાના સમાજની વાડીમાં પદયાત્રિકો માટે મફત જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે

કાછીયા સમાજ દ્વારા દર વર્ષે કાછીયા સમાજ ની વાડી માં આવા સંઘ માટે જમવાની વ્યવસ્થા કરાય છે સમાજ તરફ થી સ્વૈચ્છીક ફાળો એકત્ર કરી પગપાળા જતા સંઘ યાત્રિકો માટે મફત જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર ના દૂર દૂર થી આવતા લોકો ભોજન લે છે દર વર્ષે લગભગ હજારો લોકો આ સુવિધા નો લાભ લે છે અને અમે પોતે આ સેવા બાદલ આનંદ અનુભવીએ છે ઉપરાંત મહારાષ્ટ્ર ના એક ગામ માં થી ફાગવેલ જઈ રહેલ સંઘ યાત્રી મંગલસિંગ જે કાછીયા સમાજ ની વાડી માં જમ્યા હતા તેઓએ જણાવ્યું હતું કે યાત્રિકો ને મફત ભોજન કરાવવું એ ઉમદા કાર્ય છે.

શુકલતીર્થ ખાતે મેળામાં આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી



ભરૂચ તાલુકાના શુકલતીર્થ ગામમાં પાંચ દિવસીય ચાલી રહેલા કારતકી પૂર્ણિમાના મેળામાં બપોરના મેળામાં ફાળવેલ સ્ટોલ માં આગ લાગતાં નાસભાગ મચી હતી.સ્થાનિકોની સમય સુચકતા ના કારણે મોટી હોનારત થતા અટકી હતી.

બુધવારના બપોરના સુમારે મેળામાં ફાળવેલ સ્ટોલ ધારક પોતાનું જમવાનું બનાવી રહ્યા હતા.તે દરમિયાન ગેસના બોટલમાં આગ લાગતા અને ત્યાર બાદ રેગ્યુલેટરમાં ધડાકો થતા મેળામાં દોડધામના દ્રશ્યો સર્જાયા હતા.બનાવની જાણ ભરૂચ પાલિકાના ફાયરના લાશ્કરોને કરવામાં આવી હતી.જોકે તે પહેલા સ્થાનિકોએ તાત્કાલિક વપરાશી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.જેના કારણે સ્થાનિકોએ રાહત નો શ્વાસ લીધો હતો.

નરેદ્ર મોદીએ જાહેર કરેલી ગેસ લાઈન યોજના કાગળ પર આવતા ૯ વર્ષ લાગ્યા

૯ વર્ષથી રાહ જોતી રાજપીપલા ની જનતાને હજુ ક્યારે ઘરે ઘરે ગેસ મળશે એ જોવું રહ્યું

આજે કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી પુરુસોત્તમ રૂપાલા ના હસ્તે ગેસ પાઈપલાઈન નું ખાત મુહર્ત

રાજપીપળા : આજે કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી પુરુસોત્તમ રૂપાલા ના હસ્તે રાજપીપલા રમતગમત સંકુલ ખાતે અંકલેશ્વર થી રાજપીલા ની ગેસ પાઈપલાઈન નું ખાત મુહર્ત કરવામાં આવશે, રાજપીપલા ની જનતા આ યોજના ની છેલ્લા ૯ વર્ષ થી રાહ જોતી હી અંતે યોજના આવી ખરી ખેર દેર આયે દુરસ્ત આયે સમજી હાલ પ્રજા આ યોજનાને આવકારી રહી છે પણ લોકોના ઘરોમાં ગેસ ક્યારે આવશે એ પણ જોવું રહ્યું.

તત્કાલીન મુખ્યમંત્રી નરેદ્ર મોદી જયારે રાજપીપલા ૨૦૦૯ માં ૧૫ મી ઓગસ્ટે આવ્યા હતા ત્યારે જાહેર મંચ પરથી રાજપીપળા ની જનતાને વિકાસ માટે ૩૩૦૦ કરોડ ના વિકાસના કામો ની જાહેરાત કરી હતી. જેમાંથી એકપણ યોજના કાગળ પર આવી નથી. હવે મોડે મોડે સરકાર એક યોજના હાથ ધરી છે અન્ય શહેરો સાથે હાલ ગેસ પાઈપલાઈનથી રાજપીપલા ની જનતાને જોડવાનું સરકારે નક્કી કર્યું છે ત્યારે રાજપીપલા ની જનતા માં ખુશીની લહેર પ્રસરી છે.

ગુજરાત ગેસ કંપની દ્વારા અંકલેશ્વર રાજપીપલા ગેસ લાઈન પહોંચશે, આ યોજના કાગળ પર આવતા આજે ૯ વર્ષ લાગ્યા હાલ ચૂંટણી છે એટલે સરકાર જુના વાયદાના ખાત મુહર્તો તો કરશે પણ કોણ જાણે ક્યારે રાજપીપળા ની જનતાના ઘરોમાં ગેસ લાઈન પહોંચશે હજુ ટેન્ડરિંગ થશે કંપનીઓને કામ સોંપાશે ત્યાર બાદ હજુ ૫ વર્ષ નીકળે એવું લાગી રહ્યું છે. ત્યારે ગેસનો ભાવ ક્યાં સુધી પહોંચશે રાજપીપલા ની જનતા ગેસ લાઈન લઈ શકાશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. પણ હાલ જનતા ભલે મોડે મોડે પણ એક વચન પર કામ થશે એમ માની સંતોષ માની રહી છે.

વહેલી સવારે બુડીયા ચોકડી પાસેથી દારૂ ભરેલી સ્વીફટકાર સાથે મહિલા ઝડપાઈ

સાસુ-જમાઈની દારૂ ભરેલી ગાડી પોલીસે આંતરી : જમાઈ ભાગી છૂટયો

સુરત

સચિન- મગદલ્લા રોડ પર બુડિયા ચોકડી પાસેથી પોલીસે વહેલી સવારે દારૂ ભરેલી કાર સાથે એક મહિલાને ઝડપી પાડી હતી. ૩૫ પેટી દારૂ સાથે ઝડપાયેલી મહિલા બુડિયા ગામની જ છે એટલું જ નહીં પણ પોલીસે આ -કરણમાં મહિલાના જમાઈને વોન્ટેડ બતાવ્યો છે. રેન્જ-૨ ના અધિકારીના નેજા હેઠળ ચાલતી સ્કવોર્ડના પોલીસ કર્મચારી જીતેન્દ્ર વિઠ્ઠલની બાતમીના આધારે દારૂનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે ૮૪ હજારના દારૂ અને ૫ લાખની કાર સાથે ઝડપાયેલી મહિલા વિરુદ્ધ કેસ દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ બુડિયા ગામે રહેતા અને દારૂના ધંધા સાથે સંકળાયેલા મિત્તલ શૈલેષ પટેલ આજે સવારે દમણથી દારૂનો જથ્થો પોતાની સ્વિફટ કાર નંબર જીજે -૫ જેએન- ૩૨૧૧ માં લઈને સુરત આવી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. સ્થાનિક પોલીસ ઉંઘતી રહી અને રેન્જ - ૨ ની ટીમે દારૂ ઝડપી પાડતા જીઆઈડીસી પોલીસ દોડતી થઈ ગઈ હતી. તપાસ કરતા મહિલાનું નામ ચંદ્રિકા મોહનભાઈ ડાલ્યાભાઈ પટેલ હોવાનું અને ભાગી ગયેલો વ્યક્તિ મિત્તલ શૈલેષ પટેલ તેનો જમાઈ હોવાનું બહાર આવ્યું હતું. તેમજ દારૂનો જથ્થો દમણથી સુરત લવાઈ રહ્યો હોવાનું મહિલાએ જણાવ્યું હતું.

નવસારી લઘુત્તમ ૧૩ ડિગ્રી તાપમાન સાથે સમગ્ર ગુજરાતમાં સૌથી ઠંડું

વલસાડમાં ૧૭ અને સુરતમાં ૨૦ ડિગ્રી તાપમાન

સુરત

સમગ્ર રાજયમાં રાત્રિ દરમિયાન સૌથી ઓછું તાપમાન દક્ષિણ ગુજરાતના નવસારી ખાતે ૧૩ ડિગ્રી નોંધાયું છે. આગામી દિવસોમાં પવનની દિશામાં ફેરફાર સાથે ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૫.૨ ડિગ્રી અને અને ન્યુનત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને હવાનું દબાણ ૧૦૧૫.૪ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી ઉત્તર દિશાનો કલાકે ૩ કિલોમીટરની ઝડપે પવન ફૂકાઈ રહ્યો છે. શહેરમાં સવારે અચાનક વાતાવરણમાં પલટઠો આવતા વાદળછાયુ વાતાવરણ છવાયુ હતું. બપોર બાદ તડકો નીકળ્યો હતો.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે નવસારીમાં ન્યુનત્તમ તાપમાન૧૩.૮ ડિગ્રી નોંધાયું છે. જે ગત રોજની સરખામણીએ ૨ ડિગ્રી ઓછું છે. આજે સમગ્ર રાજયમાં સૌથી ઓછું ન્યુનત્તમ તાપમાન નવસારીનું નોંધાયું છે. પવનની દિશામાં થયેલ ફેરફારના પગલે આગામી બે ત્રણ દિવસમાં ફુલગુલાબી ઠંડી જામે તેવી શક્યતા હવામાન વિભાગના સૂત્રો દ્વારા વ્યક્ત કરાઈ છે. વલસાડ હવામાન વિભાગ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરનું અધિકત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું છે. આગામી દિવસોમાં વલસાડ ખાતે પણ ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે.

નર્મદાના નાંદોદ પાસેની એક હોટલ પાસે ૨૫ લાખના સામાનની સનસનાટીભરી લૂંટ

રૂંઢ પાસે ઓલી હિમાચલ પંજાબ હોટેલ પાસે ડ્રાઈવર ને બાંધી ટ્રક માંથી ૨૫ લાખ થી વધુ ના સામાન ની લૂંટ કરી ચાર અજણ્યા વ્યતિઓ ફરાર

ડ્રાઈવર વડોદરા થી સામાન ભી છત્તીસગઢ જતા રાત્રી રોકાણ રૂંઢ ની હોટેલ પાસે કરતા તેને બાંધી ટ્રક સાથે દૂર લઈ જઈ સામાન ની લૂંટ કરી ટ્રક મૂકી નાસી છૂટ્યા

રાજપીપળા : નાંદોદ તાલુકા ના રૂંઢ ગામ પાસે આવેલી હિમાચલ પંજાબ હોટેલ પાસે ગત તારીખ મોડી રાત્રે લૂંટ નો બનાવ રાજપીપળા પોલીસ મથકે નોંધાયો છે

જેં વડોદરાથી કેબલ ફેક્ટરી ખાતે થી કેબલ તેમજ પાન મસાલા ના બોક્સ અને ઉંદર મારવાની દવા ની બેગો તથાખોખા ની બેગો અને તાડપત્રી ના બંડાલો લઈ રાયપુર છત્તીસગઢ જા નીકળેલા ફરિયાદી ટ્રક ડ્રાઈવર ગુમાનસીંગ બીગ જાટ ગત તારીખ ૧૭ ના રોજ રાત્રે લગભગ બે વાગે નાંદોદ ના રૂંઢ ગામ પાસે આવેલી હિમાચલ પંજાબ ોટેલ પર રોકાઈ જમી ત્યાંજ ટ્રક ના કેબીન માં સુઈ ગયા બાદ અચાનક ચાર જેટલા અજાણ્યા વ્યક્તિઓ ત્યાં આવી કેબીન માં સુતેલા ડ્રાઈવરના મોઢા પર ચાદર નાખી દોરી વડે ડ્રાઈવર ને કેબીન માંજ બાંધી દઈ ત્યાંથી ટ્રક ચલાવી અંકલેશ્વર તરફ જતા રોડ પર દૂર લઈ જઈ વચ્ચે ટ્રક ઉભી રાખી ટ્રક માં ભરેલો સમાન રસ્તા માં ઉતારી દીધા બાદ બે વ્યક્તિઓ ટ્રક વધુ આગળ લઈ જઈ પાણી લઈને આવીયે છે તેમ બાંધેલા ડ્રાઈવર ની કહી નાશી છૂટ્યા હતા

ટ્રક માંથી રસ્તા માં ઉતારી લીધેલા સામાન માં પાન મસાલા ના બોક્સ ૨૨૫ નંગ જેની કિંમત રૂપિયા ૨૨, ૩૭,૪૦૯ અને તાડપત્રી ના બંડલ નંગ ૩૨ ની કિંમત રૂપિયા ૨,૮૯,૬૪૮ તેમજ રોકડા રૂપિયા ૭,૭૫૦ સાથે મોબાઈલ નંગ એક ની કિંમત ૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૫,૩૬,૮૦૭ રૂપિયા ના મુદ્દામાલ ની લૂંટ કરી આ અજણ્યા ચાર વ્યક્તિઓ ફરાર થઈ જતા ટ્રક ડ્રાઈવર ગુમાનસીંગ [illegible] એ રાજપીપળા પોલીસ માં ફરિયાદ આપતા ડ્ઢઅર્જે રાજેશ પરમાર ટાઉન પી આઈ આર એન રાઠવા સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.ત્યારે આ અજાણ્યા લૂંટારા કોણ છે એ બાબતે પોલીસ વધુ તપાસ કરે છે. આગળ ની તપાસ પી એસ આઈ એસ કે રાઠવા કરી રહ્યા છે.

વિશ્વ શ્રદ્ધાંજલી દિવસે માર્ગ અકસ્માતમાં ભોગ બનેલા મૃતકોને શ્રદ્ધાંજલી

આર.ટી.ઓ. દ્વારા શ્રદ્ધાંજલી કાર્યક્રમ યોજાયો હતો : શ્રદ્ધાંજલી દિન નિમિત્તે વાહન ચાલકોને ગુલાબના ફૂલ અર્પણ કરવામાં આવ્યા

સુરત

માર્ગઅકસ્માતમાં ભોગબનેલા મૃતકો માટે વિશ્વભરમાં નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે 'વર્લ્ડ ડે ઓફ રિમેમ્બરન્સ- વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ' નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાય છે. સુરતમાં પણ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા હતભાગીઓને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપવા તથા માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઓછું થાય તે માટે જાગૃતિ લાવવાના પ્રયાસ સ્વરૂપે સુરતના પાલ સ્થિત આર.ટી.ઓ. દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. શ્રદ્ધાંજલિ દિન નિમિત્તે ત્રિદિવસીય લોકજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વાહનચાલકોને પત્રિકાઓનું વિતરણ કરવા સાથે ગુલાબના ફૂલ અર્પણ કરવામાં આવ્યા હતા, અને સાવધાનીપૂર્વક વાહન ચલાવવાનો અનુરોધ કરી માર્ગ સલામતીનો સંદેશ આપ્યો હતો. ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારા વાહનચાલકોને ટીમ વાન ટ્રેનરશ્રી અંકિત ચૌધરી અને કિસ્મત વસાવા તેમજ પ્રો.એક્ઝીક્યુટીવશ્રી મહેશ પરમાર દ્વારા કાઉન્સેલિંગ કરાયું હતું.

એ.આર.ટી.ઓ શ્રી એચ.એ. પટેલના માર્ગદર્શન હેઠળ આર.ટી.ઓ.માં યોજાયેલા સેમિનારમાં પાંચ મિનિટનું મૌન પાળી માર્ગ અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આર.ટી.ઓ.શ્રી પાર્થ જોષી સહિતના અધિકારીઓના હસ્તે મૃતાત્માની યાદમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

અઠવા પોલીસની હદમાં ત્રણ વૃધ્ધ મહિલાના ગળામાંથી અછોડા તોડાયા

ગોપીપુરામાં એક જ સમયે બે વૃધ્ધ મહિલાના અછોડા તોડી લેવાયા

સુરત

વૃધ્ધ મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ કરવાના ત્રણ બનાવો અઠવા પોલીસ મથકના વિસ્તારમાં બનતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. સુરત શહેરમાં સીસી ટીવી કેમેરા ચારેકોર હોવા છતાં પણ મોટર સાઈકલ ઉપર ઘસીને આપી કરામત કરી જનારા ગુનેગારોને ઝડપી પાડવા સુરત પોલીસનો પન્નો ટુંકો પડી રહ્યો છે. અઠવા પોલીસ મથકે નોંધાયેલા આ બનાગવોની વિગત મુજબ ગોપીપુરા નવપદ એપાર્ટમેન્ટમાં રહેતા કાંતાબેન ધરમચંદ કણીઆ (ઉ.વ. ૭૮) સેવન સ્કવેર બિલ્ડિંગની સામેની પસાર થતાં હતા, ત્યારે ટુ વ્હીલર ગાડી ઉપર ધસી આવેલા બે અજાણ્યા યુવકો કાંતાબેનના ગળામાંથી રૂા. ૬૦ હજારની સોનાની ચેઈનની ચીલઝડપ કરી નાસી ગયા હતા.

બીજા બનાવમાં નાનપુરા ટીમલીયાવાડ તથા સગરામપુરા વિસ્તારમાં જાગૃતિબેન રાજેન્દ્રભાઈ શાહ (ઉ.વ. ૫૪) અને પદમાબેન પરાગભાઈ કંથારિયા (ઉ.વ. ૭૭)ના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ કરી અજાણ્યા મોટર સાઈકલ સવાર નાસી ગયા હતા. આ બન્ને ઘટનામાં કુલ્લે રૂા. ૭૦,૦૦૦ની કિંમતની સોનાની ચેઈન હતી.

અમરોલી કિષ્ણાનગરમાં ગેસ લીકેજ થતા આગ ફાટી નીકળી

આગ ફાટી નીકળતા ઘરનું રસોડું સળગી ગયું

સુરત

આજે સવારે પોણા છ વાગ્યાના સુમારે અમરોલી કિષ્ણાનગર ખાતે ગેસ લીકેજથી આગ લાગતા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અમરોલી કિષ્ણાનગર પ્લોટ નં. ૮૯૪માં રહેતા અલ્પેશ પ્રજાપતિ સવારે પોણા છ વાગે રસોઈ બનાવવા માટે ગેસ શરૂ કર્યો હતો. સિલિન્ડરમાંથી નીકળતો પાઈપ ગેસ સ્ટવ પાસે જોઈન્ટમાંથી લીકેજ થતા આગ લાગી હતી. આગના લીધે રસોડાની ઘરવખરી બળી ગઈ હતી. બનાવની જાણ થતા જ ફાયર ઓફિસર ગઢવી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઘરવખરીનો સામાનય સિવાય બીજી કોઈ મોટી નુકસાની ન હતી. ગેસ લીકેજથી સામાન્ય આગ તાત્કાલિક કાબૂમાં આવી ગઈ ગેસ સ્ટવને જોઈન્ટ કરેલ પાઈપમાંથી લીકેજ થયું હોવાથી આગ લાગી હોવાનું ફાયરની ટીમે જણાવ્યું હતું. ગણતરીના સમયમાં ફાયરની ટીમ કામગીરી કરી પાછી ફરી હતી.

સચીન ગણેશનગરમાં સાત જુગારી ઝડપાયા

સુરત

સચીન જીઆઈડીસી પોલીસે બાતમીના આધારે જુગાર રમતા મોહિત રામકૃષ્ણ ત્રિવેદી, ભગીરથી ભ્રમરભાઈ પ્રધાન, સત્યવાન જોગી નાહક, પ્રભુ સુરેશ માથુર, સંતોષ રામાધાર, દલપત પ્રસાદ, પુરૂષોત્તમ કુમાર, જીતુ શિવકુમારની ધરપકડ કરી હતી. પોલીસે દાવ ઉપર લાગેલા અને અંગઝડતી દરમિયાન કળી કુલ્લે રૂપિયા ૧૫,૨૦૦ કબજે કરી તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ભગીરથ કલ્યાણ સેવા ટ્રસ્ટ દ્વારા બહેનો માટે રંગોળી સ્પર્ધા યોજાઈ

સુરત

ભગીરથ કલ્યાણ સેવા ટ્રસ્ટના નેજા હેઠળ માહ્યાવંશી સમાજની બહેનોમાં કલાકૃતિમાં જાગરૂકતા બાબતે સંસ્થાના આયોજક છાયાબેન મનીષ પટેલ દ્વારા તા.૧૧-૧૧-૨૦૧૮ના દિવસે સ્નેહ સંકુલ વાડી આનંદ મહલ રોડ અડાજણ સુરત ખાતે રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં માહ્યાવંશી બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યં.

સુરતમાં શ્રી શ્રી રવિશંકર ૨૫ હજાર યુવાનોને સંબોધન કરશે

સુરત

આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા અને દેશ-વિદેશમાં જાણીતા આધ્યાત્મ ગુરૂ શ્રી શ્રી રવિશંકર ડિસેમ્બરના આરંભે જ સુરતની મુલાકાતે આવશે. દરમિયાન ચાર દિવસની મુલાકાતમાં તેમના અધ્યક્ષ સ્થાને શહેરમાં વિવિધ સમારોહનું આયોજન કરાયું છે.

આર્ટ ઓફ લિવિંગ અને ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસે તેમજ આધ્યાત્મગુરૂ શ્રી શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને ૩ ડિસેમ્બરના સોમવારે સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી વેસુ વીઆઈપી રોડ પર ભગવાન મહાવીર કોલેજ ગ્રાઉન્ડ પર 'યુવારંગ' સમારોહનું આયોજન કરાયું છે. સમારોહ સાથે જોડાયેલા જીગ્નેશ પાટીલ, ઈશિતા દેસાઈ, ફાલ્ગુની નાણાંવટી, રીતા ખાટલાવાલા, જયોતિબેને જણાવ્યું હતું કે, સુરત અને ગુજરાતના હજારો યુવાનોમાં રહેલી અસલામતીની લાગણી દૂર કરવા, યુવાનોમાં ઉત્સાહ-આત્મવિશ્વાસ વધારવા અને યુવાનોને એક મંચ પુરૂ પાડવા માટે યુવા રંગ સમારોહનું આયોજન કરાયું છે. સમારોહમાં શાળાઓના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ મળીને ૨૫ હજાર યુવાનોને શ્રી શ્રી રવિશંકર એક સાથે સંબોધશે. ગુરૂજી ૨૯મીના મોડી સાંજે સુરત આવી જશે.



ઈદે મિલાદુન્નબીના તહેવાર નિમિત્તે વિવિધ વિસ્તારોમાંથી જુલુસ આકારે લોકો સડક પર મોટી સંખ્યામાં નીકળી પડયા હતા. જ્યારે રિંગરોડ ટેક્સટાઈલ્સ માર્કેટ પાસે કતારબંધ ટેમ્પામાં ઈદે મિલાદુન્નબીનું જુલુસ નીકળ્યું હતું વિવિધ વિસ્તારોમાંથી નીકળેલા જુલુસમાં બાળકોની સંખ્યા વિશેષ યાત્રામાં જણાઈ રહી હતી. દેશયમાન તસવીરોમાં વિવિધ સ્થળે જુલુસમાં જોડાવા નીકળેલા લોકો નજરે પડે છે.

કડોદરામાં ઉભેલા ટેન્કર સાથે બસ અથડાતા યાત્રિ યુવકનું મોત

અકસ્માતમાં અન્ય મુસાફરોને નાની મોટી ઈજા થઈ

સુરત

કડોદરા નગર સ્થિત આવેલ નીલમ હોટલની સામેથી પસાર થતા નેશનલ હાઈવે ૪૮ પરથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે આવી રહેલ એક લક્ઝરીના ચાલકે રોડ પર ઉભા રહેલા કન્ટેનર સાથે અથડાવી દેતા લક્ઝરીમાં બેસેલ એક યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર કાદમાલા તા.રાનીવાડા, જિ. જાલોદ રાજસ્થાનના રહીશ મુસ્તાક અબ્દુલખા ઉ.વ.૨૫ જેઓના મામાનો છોકરો વસીરખાન અબ્દુલખાન સતારા પાસે આવેલ કરા ગામે લોકોને મળવા ગયા હતા. ત્યારબાદ ત્યાંથી પરત ફરતી વખતે ચામુંડા ટ્રાવેલ્સની લક્ઝરી બસ નં.આર.જે.૪૭ પીએ-૨૪૪૪માં બેસેલ ત્યારે બસમાં જગ્યા ન હોવાથી ડ્રાઈવરની કેબીનમાં બેઠા હતા. દરમ્યાન લક્ઝરી બસના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી કડોદરા નીલમ હોટલની સામેથી પસાર થતી વખતે રોડ ઉપર ઉભુ રહેલ કન્ટેનર નંબર આરજે-૧૪-જીએ-૩૨૭૭ની બાજુમાંથી નીકળથી વખતે કન્ટેનર સાથે લક્ઝરી બસનો અકસ્માત થયો હતો. જેમાં વસીમ અબ્દુલખાન મીર ઉ.વ.૨૩ના માથાના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું અને અન્ય પેસેન્જરોના ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી.

ચાવજ ગામમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ૭૭મી જન્મ જયંતીની અનોખી ઉજવણી



ભરૂચ તાલુકાના ચાવજ ગામ ખાતે રાજ્યના પ્રથમ પૂર્વ મહિલા મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશના રાજ્યપાલ આંનદીબહેન પટેલના ૭૭માં જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

ચાવજ ગામ ખાતે બુધવારના રોજ કોમ્યુનિટી હોલમાં ગુજરાત રાજયના પ્રથમ પૂર્વ મહિલા મુખ્યમંત્રી અને મધ્યપ્રદેશના રાજ્યપાલ આંનદીબહેન પટેલના ૭૭માં જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ગામના જરૂરિયાતમંદ મહિલાઓને હાલમાં ચાલી રહેલી ઠંડીની ઋતુમાં ૨૫૧ જેટલા ધાબળા તેમજ બાળકોને ૧૫૧ જેટલા ગ્લાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભરૂચ જિલ્લા પંચાયતના સદસ્ય શૈલાબહેન પટેલ, તાલુકા પંચાયત ના સભ્ય ભૂમિકા પટેલ,ચાવજ ગામના સરપંચ અપેક્ષા પટેલ તેમજ આમંત્રિતો સહિત ચાવજ ગામના સ્થાનિકો,મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપલામાં કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી પુરૂષોતમ રૂપાલાના હસ્તે સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટનો થનારો શિલાન્યાસ

રાજપીપળા : કેન્દ્રીય કૃષિ, ખેડુત કલ્યાણ અને પંચાયતી રાજ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પુરૂષોતમ રૂપાલાના હસ્તે તા. ૨૨મી નવેમ્બર ૨૦૧૮ને ગુરૂવારના રોજ બપોરે ૨-૩૦ કલાકે નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળામાં નવદુર્ગા હાઈસ્કુલ સામે રાજપીપલા સ્પોર્ટ સંકુલ ખાતે સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટનો શિલાન્યાસ થશેઃ આ પ્રસંગે ભરૂચના સંસદસભ્ય મનસુખભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવા વગેરે ઉપસ્થિત રહેશે.

ભરૂચ એલસીબીની વધુ એક સફળતા









ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા ની સીધી દોરવણી હેઠળ દિન રાત મહેનત કરી મિલકત સંબંધી ગુનાઓ,ભંગારચોરી, દારૂ જુગાર ની સફળ રેડો પાડી ગુન્હા શોધતી ભરૂચ એલસીબી ને આજે એક વધુ સફળતા મળી છે જેમાં જીજે૦૬ ક્યુ ૨૪૬૭ પોલો ફોક્સવેગન જેવી મોંઘીદાટ ગાડી માંથી હજારો રૂપિયાનો ભારતીય બનાવટ નો પરપ્રાંતીય વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે અંદાજે પાંચ લાખ ઉપરાંત ની કાર અને હજારોનો દારૂ પકડી એલસીબી પીએસઆઇ ધ્રુક અને તેમની ટીમે સી ડીવી સર્વેલન્સ સ્ટાફ ની નિદર ઉડાડી મૂકી છે કેમકે ભરૂચ શહેર માં આવતો દારૂ ઝાડેશ્વર ચોકડી થી આવતો હોવાની આશંકા રહે ત્યારે દેખીતી રીતેજ સી.ડીવી.ની કામગીરી શંકાના દાયરા માં આવે છે અને બદલી ન પામનાર સ્ટાફ પણ ત્યાં ઘર કરી બેઠો છે

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે બહુલક વિદ્યા સંકુલો પણ આજ વિસ્તાર માં છે જ્યાં કહેવાય છે કે હોસ્ટેલો મા પણ અભ્યાસ ના બદલે પાર્ટીઓ થતી હોવાના પુરાવા મળે છે

આ સમગ્ર ઘટના અને કોઈ ખાસ મોટા ગુન્હા કે ગુનેગાર ને પકડવામાં સી.ડીવી.વામણુ પુરવાર થયેલ ચર્ચાય છે

ગત થોડા દિવસો પહેલા પેરોલ ફર્લો સ્ટાફે દેશી દારૂ પકડી સી.ડીવી.ની બુટલેગર બહેનો ને ખુલ્લી પાડી હતી ત્યારે જોવાનું એ રહે છે કે જિલ્લા પોલીસ અધિક્ષક હવેસી.ડીવી.પોલીસ ના સર્વેલન્સ સ્ટાફ ને શુ સજા કરશે?

રાત્રિ સમયે સૈયદપુરામાં મહિલા ચોર ટોળકીએ કાપડની દુકાનનું શટર તોડાયું

સુરત

સૈયદપુરા પમ્પિંગ સ્ટેશન પાસે આવેલી રેડીમેઈડ કપડાની દુકાનનું શટર ખેંચી પાંચથી છ જેટલી સ્ત્રીઓ રોકડા રૂા. ૧.૪૪ લાખની ચોરી કરી ગયા હતા.

લાલગેટ પોલીસ સૂત્રોના જણાવયા મુજબ ગત તા. ૧૯મી રાત્રિ સમયે સૈયદપુરા પમ્પિંગ સ્ટેશન પાસેથી ીમસ ચીફ એન. એક્ષ. રેડીમેઈન કપડાની દુકાનનું પાંચથી છ જેટલી મહિલાએ શટર ખેંચી દુકાનમાં પ્રવેશી ગલ્લામાંથી રોકડા રૂપિયા ૧.૪૪ લાખની ચોરી કરી નાસી ગઈ હતી. આ મહિલાઓ દુકાનની સીસી ટીવી કેમેરામાં ઝડપાઈ હતી. લાલગેટ પોલીસ મથકે દુકાન માલિક મોહંમદ ઉમેર મોહંમદ ફારૂક ચાંદીવાલાએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાત્રિ સમયે દુકાનોના શટર તોડતી મહિલા ગેંગ પ્રથમ વખત ચોરી કરવા સક્રિય બની હોવાના સીસી ટીવી પુરાવા હાથ લાગતા પોલીસ પણ આશ્ચર્ય ચકિત બની ગઈ છે. સાથે સાથે મહિલા ચોર ટોળકીને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

આઈડીબીઆઈના કરંટ ખાતામાંથી રૂા. ૫૦ હજાર આપમેળે ઉપડી ગયા

સુરત

પર્વત પાટિયા ઋષિ વિહાર ટાઉનશિપ ખાતે કરન્ટ બેન્ક એકાઉન્ટ રિંગરોડ આઈડીબીઆઈ બેન્કમાં છે. ખાતુ શ્રીજી ટ્રેડીંગ કંપનીના નામે ચાલે છે. ગત તા. ૨૫મી ઓક્ટોબરના રોજ તેમને ખોલાવેલુ કરંટ ખાતુ હેક કરી એટીએમના માધ્યમથી રૂા. ૫૦ હજાર ઉપાડી લઈ અજાણ્યો ઈસમ ફરાર થઈ થયો હતો. આ બાબતની જાણ બેન્કના ખાતેદાર અને વેપારી બાબુલાલ કનોડીયાને થતા તેમણે સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભેસ્તાન મહાલક્ષ્મી સોસાયટીનો પ્લોટ ખરીદનાર મહિલા સાથે ઠગાઈ

રૂા. એક લાખ પડાવી લીધા પણ પ્લોટ આપ્યો નહીં

સુરત

ડીંડોલી- ભેસ્તાન રેલવે લાઈન મહાલક્ષ્મી સોસાયટીના એક પ્લોટને એકથી વધુ વ્યક્તિઓને વેચી મારી એક ગૃહિણી પાસેથી એક લાખ રૂા. મેળવી પ્લોટ નહીં ફાળવી તેની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનો ફરિયાદ ડીંડોલી પોલીસ મથકે નોંધાઈ હતી. પોલીસેડ આઈપીસી-૪૦૬, ૪૨૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલ પાંડેસરા ગોપાલનગર ખાતે કલાવતીબેન ક્રિપાશંકર મૌર્યા રહે છે. તેઓ ગૃહિણી છે. ડીંડોલી-ભેસ્તાન રેલવે સ્ટેશન પાસે આપેલી મહાલક્ષ્મી સોસાયટીનો પ્લોટ નંબર-૬૨ કલાવતીબેન પાંડેસરાના ત્રિભુવનદાસ મદનમોહન મિશ્રા, રમેશ સિંહ રાજપૂત તથા રામવ અવધ મહાવીર મૌર્યા પાસેથી રૂા. ૧ લાખમાં ખરીધ્યો હતો. અને ત્યારબાદ આ પ્લોટ અન્ય વ્યક્તિઓને ત્રણેય આરોપીઓએ વેચી દીધા બાદ કલાવતીબેનને પ્લોટનો કબજો નહીં આપી રૂા. ૧ લાખનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. ડીંડોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કડોદ ગામના યુવકે ગળે ફાંસો ખાઈ લેતાં ગંભીર હાલતમાં સિવિલ ખસેડાયો

ભરૂચ તાલુકાના નબીપુર પોલીસ મથકની હદમાં આવેલ કડોદ ગામ ખાતે રહેતા એક યુવકે બે ઝાડની વચ્ચે દોરડાં વડે ફાંસો ખાઈ લેતાં તેણે તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યો હતો.

બનાવની મળતી માહિતી મુજબ કડોદ ગામના રહેવાસી રાકેશ રાવજી વસાવા ઉમર વર્ષ,૨૮ નાઓએ કોઈ અગમ્ય કારણો સર તેના ઘરની બહાર આવેલ બે ઝાડ વચ્ચે કપડાં



સુકાવવાની દોરી વડે ગાળિયો બનાવી ગળે ફાંસો ખાઈ લીધો હતો. જે અંગેની જાણ તેના પરિવારજનો થતા તેના પિતાએ ચપ્પુ વડે દોરડું કાપી નાખીને રાકેશ વસાવાને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યો હતો.તેની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે વડોદરા લઈ જવામાં આવ્યો હતો.બનાવ સંદર્ભે નબીપુર પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી છે.





